"મહેતા સંગીત શિક્ષક.

ભાગ ૧ લો.

પ્રસ્તાવના.

આ "મહેતા સંગીત શિક્ષક" ભાગ ૧ લો સંગીત પ્રેમી સજ્જનોની સેવામાં મૂકતાં મને ઘણોજ હર્ષ થાય છે. મારા પ્રથમ પ્રયાસના રૂપ રૂપે "મહેતા હારમોનિયમ શિક્ષક" ભાગ ૧ લો છપાવી પ્રસિદ્ધ કરેલ તે ગુજરાત પ્રસિદ્ધિ પામી ખપી જવા પામેલ છે. નોકરી અને ધંધાદિક ઉપાધીઓને લઈ ભાગ્યેજ ફુરસદ મળતી હોવાથી તે પુસ્તકમાં મારા તરફથી બીજાં પ્રસિદ્ધ થનારાં પુસ્તકો જણાવેલ છતાં હું પ્રસિદ્ધ કરી સંગીત પ્રેમી ભાઈઓની માગણીને પહોંચી વળી શકેલ નથી તો તેને માટે દીલગીર રહ્યું છું. વિશેષમાં હવે માટે બીજો ભાગ પ્રસિદ્ધ કરવો હતો, પરંતુ પહેલા ભાગની માગણીઓને પ્રથમ પહોંચી વળવું જોઈએ એમ ધારી પ્રથમ પ્રસિદ્ધ કરેલ "મહેતા હારમોનિયમ શિક્ષક" ભાગ પહેલાની ક્ષતિઓ અને ખામીઓમાં સુધારો વધારો કરી આજ જમાનાને વધારે અનુકૂળ પડે તે રીતે આ પુસ્તક તૈયાર કરેલ છે, અને "મહેતા સંગીત શિક્ષક" ભાગ ૧ લો નામ રાખેલ છે. હાલમાં હારમોનિયમનો પ્રચાર વિશેષ હોવાથી જનસમૂહમાં પ્રસિદ્ધિ પામતાં ગાયનો આવાં પુસ્તકોમાં હોવાનું સૌ કોઈ ઇચ્છે એ કુદરતી છે. તો કે પ્રથમ શિખનારને માટે તે અઘરો વિષય

થઇ પડે તેમ છે, છતાં પણ તેમાં સરળતા જાળવી તેમાંથી કેટલાંક ઓછાં પ્રસિદ્ધ ગાયનો કાઢી તેની જગ્યાએ લગભગ અર્ધો-અર્ધ નવાં પ્રચલિત ગાયનો ઉમેરવામાં આવ્યાં છે.

ગુજરાત અને કાઠીયાવાડમાં "સંગીત"નો પ્રચાર હિન્દના અન્ય ભાગો કરતાં વધારે ઓછો જોવામાં આવે છે. એવા સંજોગોમાં કેવા પ્રકારથી સંગીત પ્રચાર કરવો એ વિચારવા જેવો પ્રશ્ન છે. જ્યાં સંગીતના જ્ઞાનનો અને તેના ઉત્તેજનનો અભાવ હોય એવાં સ્થળોમાં અઘરી અને કંટાળો ઉપજાવનારી શિક્ષણ પદ્ધતિનો ત્યાગ કરી અને શિખવનારના શોખને ઉત્તેજિત કરનાર સરળ અને મનોરંજક પદ્ધતિ અખત્યાર કરી શુદ્ધ રાગ રાગણીવાળાં સહેલાં અને સુગમ તાલ પદ્ધતિનાં ગાયનોના શિક્ષણથી શરૂઆત કરવી જરૂરની છે. એ રીતે રફતે રફતે સંગીતના ઉત્તમ જ્ઞાન તરફ શિખનારની ઇચ્છાને પોષણ મળશે એમાં સંશય નથી.

જે દેશમાં સંગીતનું યથાર્થ અને નિયમિત શિક્ષણ આપનાર સંસ્થાઓ અને શિક્ષકોનો અભાવ હોય તે દેશમાં સંગીતના પ્રચાર માટે એકજ પદ્ધતિવાળાં સરળ અને સસ્તાં સંગીતલેખન પદ્ધતિનાં પુસ્તકો બહોળી સંખ્યામાં છપાવી પ્રસિદ્ધ કરવાની અને તેનો ફેલાવો કરવાની ખાસ જરૂર છે. એવી રીતના પ્રચારના શુભ હેતુથી સ્થાનિક આદર્ફ્રેડ હાઇસ્કુલમાં એક સંગીત કલાસ ખોલી બાર વર્ષ સુધી વિદ્યાર્થીઓને સરળમાં સરળ જણાય તેવા માર્ગનો અનુભવ મેળવી આ લઘુ પુસ્તકમાં સંપૂર્ણ સંગીતવિદ્યાની સમજુતીની સાથે તાલ, માત્રા સહિત મૃદંગના ૨૦ પ્રચલિત તાલ અને નાટકનાં તદ્દન જાણિતાં મર્યાદિત તથા બોધિક ૧૧૫ ગાયનો સારીગમની સાથે આપવામાં આવેલ છે, જેનો આજ દિવસ સુધીમાં

પ્રસિદ્ધ થઇ ચુકેલાં પુસ્તકોની સંખ્યામાં ઉમેરો કરવા રજા લઉં છું. તો તેનો આપ બ્હોળો ફેલાવો કરાવી અને સંગીત પ્રચારનાં પ્રયાસમાં મને વધારે ઉત્તેજન મળે તેમ કરી ઉપકારી કરશો, અને મારી આ સાહસિક યોજનામાં કાંઇ ભૂલચૂક જણાય તે સૂચવવા કૃપા કરશો એવી આશા રાખું છું. શરૂઆતના શિક્ષણ લેનારાઓને ગાયન બેસાડવામાં હુલાસ વધે અને ચાવીઓ ઉપર હાથનાં આંગળાં મુકતાં ઇચ્છિત ગાયન વગડે તેટલા માટે અર્ધ સ્વરોની તથા પલટાઓની જરૂર છતાં તેનો ઓછો ઉપયોગ કરેલ છે. તાલ પણ સરળતાથી આપી શકાય તેવા હેતુથી ઉસ્તાદી પદ્ધતિનો ત્યાગ કરી સ્થાન પણ બદલ્યાં છે, પરંતુ તાલ સુરનું યથાર્થ જ્ઞાન થયા પછી મહાવરાથી એ વિષય એની મેળે સમજાશે.

છેવટમાં મારી આ પુસ્તકની લંબાણ પૂર્વક આપેલી પ્રસ્તાવના સમાપ્ત કરતાં પહેલાં ઉત્તેજનની આશા સાથે જ્ઞાનના પ્રમાણમાં થતી ભૂલચૂકને માટે માફી માગી લઉં છું; કારણકે સંગીત વિષયનો મારો મુખ્ય ધંધો ન હોવા છતાં સંગીત પ્રચારની તીવ્ર લાગણીને વશ થઇ તેવું સાહસ કરવાથી ન્યુનતા રહી જાય એ સ્વાભાવિક છે. વિશેષમાં મારા આ પ્રયાસમાં પ્રેમથી સહાનુભૂતિ દર્શાવનાર તેમજ લોકપ્રિય ગાયનો સુચવવા અને જોઇએ તો તેનાં નોટેશન પણ આપવા જેટલી તત્પરતા બતાવનાર રાજકોટ સદરમાં આવેલી શ્રી નરહરી પ્રસાદિક હારમોનીયમ કલબના માલિક લીલાધર લક્ષ્મીચંદ મહેતા તથા રાજકોટ પરામાં આવેલ સંગીત વિદ્યાલયના માલિક મોહનલાલ રૂગનાથનો ઉપકાર માનું છું.

સંગીત મહાત્મ.

પરમાત્માએ આ વિશ્વમાં પ્રેરેલા આત્મ તત્વના અનેક અમીઝરણાંમાં "સંગીત" નો પ્રવાહ તો અલૌકિકજ છે. 'સંગીત' એ સર્વવ્યાપક જગદ્નિયંતાનોજ પવિત્ર આત્મા છે, અને તેના નિત્યમિત અભ્યાસથી તે અનંત સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની પાસે લઇ જઇ તેના અનંત સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. અનાદિ કાળથી ભારત ભૂમિના ભૂપતિઓ અને આર્ય વિદ્વાનો તેની અંતરંગ ઉપાસના કરતા આવ્યા છે. "સંગીત" જેવી મનુષ્યના મનને રંજન કરનાર તથા મોક્ષ ઉપલબ્ધનાર બીજી ટેવ કળા આ વિશ્વને વિષે જોવામાં આવતી નથી "સંગીત" એ જીવ માત્રનો યોગ છે. તે બાળક, યુવાન, વૃદ્ધ, અને આખી માનવ જાતને અત્યંત પ્રિય છે. પારણીયામાં રહેતો બાળક હાલરાંથી આનંદ પામી છાનો રહી જાય છે. યુવાનો સંગીતના પ્રભાવથી અજ્ઞાન છતાં પણ પ્રેમથી ટોળે છે, અને વૃદ્ધો તો કીર્તનના આનંદમાં એકતાર થઇ સુખ અનુભવે છે. વળી તેમાં એવી અદ્ભુત શક્તિ છે કે સુસ્વર અને નિયમિત સંગીતના સેવનથી મનુષ્યની ઉદાસવૃત્તિ સદાને માટે નાશ પામે છે, અને તેના મનની ચિન્તા દૂર થાય છે. ગમે તેવો દૃઢ અને કઠણ મનનો માનુષ પણ તેનાથી વશ થાય છે, કોટલું જ નહિ પરંતુ સર્પ સમાન ક્રૂર અને વિકરાળ પ્રાણી પણ ગોવાળીના સુસ્વર ઉપર અને મૃગ જેવાં અંચળ પ્રાણી પણ બીજાના મધુર નાદ ઉપર મોહીત થઇ પરવશ બને છે, અને પોતાના પ્રાણનું પણ બલિદાન આપે છે.

જ્યારે "સંગીત" ની આવી સૂક્ષ્મતા અને શ્રેષ્ઠતા છે તો તે મનુષ્યનાં દુઃખ, પરિતાપ, શોક, ચિત્તશૂન્યતા તથા ખેદને કાપી નાંખે તો તેમાં કાંઇ આશ્ચર્ય થવા જેવું નથી!

રોગને મટાડવામાં જેમ વનસ્પતિઓમાં ગુણ છે તેમ સંગીત વિદ્યામાં પણ સામર્થ્ય છે. વનસ્પતિના સપ્રમાણ સેવનથી માત્ર રોગજ મટે છે, જ્યારે સંગીતના નિયમિત સેવનથી રોગ અને મનોવ્યાધિ બન્ને મટે છે; અને તેની સહાયતાથી શક્તિવાળાં સર્વ કામો ઉત્તમ બને છે. કુંભકને વધારવા સારૂ પ્રાણાયામના કઠણ પ્રયોગ કરતાં સંગીત કળા સર્વને માટે વધારે ઉત્તમ અને સુલભ સાધન છે તેના નિયમિત અને ભાવ પૂર્વક અભ્યાસથી રક્તાભિસરણ વેગથી ચાલી વિવિધ પ્રકારના મળને નાક, આંખ, કાન વિગેરે મળવિસર્જન ઇંદ્રિયોનાં દ્વારો સુધી લઇ જાય છે. રોગીને રોગથી મુક્ત થવા સારૂ ઔષધ લેવું પડે છે, પરંતુ ગાયનના નિયમિત અભ્યાસીના શરીરમાં રોગ પ્રવેશજ કરી શકતો નથી. કારણ કે ઔષધોપચારથી માત્ર રોગનુંજ નિવારણ થાય છે. પરંતુ સંગીતોપચારથી રોગની સાથે માનસિક ઉપાધીનો પણ નાશ થાય છે. સંગીત બાળક, અબળા અને વૃદ્ધ સર્વને ઉત્સાહ અને આરોગ્ય બક્ષે છે. વળી તે સ્ત્રીઓના આરોગ્ય માટે પણ ખાસ ઉપયોગી છે.

એ પ્રમાણે "સંગીત" મનુષ્યોને પવિત્ર અને સૂક્ષ્મ, હૃદયોન્નતિ બક્ષનાર અને આ વિશ્વમાં સર્વ પ્રકારનાં માનસિક દુઃખોમાં દિલાસા રૂપ છે. એક મહાન ફિલસુફ અને એક કેવળ જંગલી મનુષ્ય બન્નેને સરખો આનંદ આપનારી એ એક મહાન મંજુલ અને મનોહારિણી શક્તિ છે.

હાલમાં સંગીતનો પ્રચાર મોટે ભાગે માત્ર પેટ ભરવાના સાધન માટેજ થતો જોવામાં આવે છે, તેથી તેનું અલૌકિક મહાત્મ સમજી શકાતું નથી. વળી તે વિષય હાલમાં લંપટ સ્ત્રીપુરૂષોના મોજ શોખમાં વિશેષ પ્રસરેલું જોવામાં આવે છે, તેથીજ તેને નીતિ ભંગ કરનાર અને દુર્વ્યસન તથા દુર્ગુણોત્તેજક માની લેવું એ અતિ ભૂલ ભરેલું છે. તેનો સકારણ અને સપ્રમાણ સદુપયોગ સુરક્ષક અને દુઃખવિનાશક નીવડે છે. ભોગી તથા યોગીઓમાં સમાનતા આણે છે. દેહ, મન અને દેશને શાંતિ અને સત્યાનંદનો સાક્ષાત્કાર કરાવે છે. "સંગીત" ધર્મવિનાશક નથી પરંતુ તેનું સર્વ પ્રકારે પોષણ કરનાર છે. શારીરિક તથા માનસિક ધર્મનું રક્ષણ કરનાર તેના જેવી બીજી એકે કળા નથી. વ્યવહારિક અને પરમાર્થિક બન્ને માર્ગમાં, સ્થુલમાંથી સુક્ષ્મમાં, ઇહમાંથી પરમાં અને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવાને ચૌદ વિદ્યામાં તથા બ્રહ્મવિદ્યા સમજાવવામાં "સંગીત" શાસ્ત્રનીજ સહાયતા જોવામાં આવે છે. એવો એકે ધર્મ નથી કે જે સંગીતની સહાયતા વગર પ્રવર્ત્યો કે ટકી રહ્યો હોય. કારણકે સંગીતદ્વારાજ કોઈ પણ ધર્મ કે ઉપયોગી વિષય ઉપર સચોટ અસર કરી શકાય છે.

આપણા પ્રાચીન નાટકો, કાવ્યો અને પુરાણોમાં 'સંગીત' ની પરિપૂર્ણતા જોવામાં આવે છે, પરંતુ માધ્યમિક સમયમાં પરદેશીઓના હુમલાઓથી જાન-માલનું રક્ષણ કરવામાં "સંગીત વિદ્યા" ભુલાઇ ગઇ, અને તે પછી મહાન અકબરના સમયમાં કાંઇ પુનરૂદ્ધારને પામેલી ખરી, પણ ત્યાર પછી મોગલ સલ્તનતની સાથે ફરીને નાશ પામી. વળી હાલના વખતમાં રાજા પ્રજાની ફુરસદનો સઘળો વખત પરદેશીઓને ખટાવનારી વિદેશી રમત ગમતોમાં

ખર્ચાઇ જતો હોવાથી સંગીત તરફનું ઉત્તેજન બંધ થયું, અને દેશની હરાઈ જતી દોલતને પરિણામે એ સ્થિતિ સામે ટકી રહેવામાં વિદેશીઓ સાથેની હરીફાઇની પ્રવૃત્તિને લઈ સંગીત તરફ લક્ષ ખેંચાતું બંધ થયું. એટલું છતાં પણ હાલમાં માત્ર શોખની ખાતર પણ કેટલાએક લોકો "સંગીત" ના તરફ વળેલા જણાય છે, અને તે વલણ હાલની નાટક કંપનીઓને આભારી છે એની ના કહી શકાય તેમ નથી. આવા સંજોગોમાં જો યોગ્ય પ્રયાસ હોય તો સંગીતનો ફરી પુનરૂદ્ધાર થાય એમાં શક નથી. વળી સંગીત હરેક શિક્ષણપદ્ધતિમાં અતિ ઉપયોગી સાધન છે, માટે મનુષ્ય માત્રને સંગીત જાણવાની ખાસ આવશ્યકતા છે.

નાદબ્રહ્મ.

નાદ શબ્દમાં જે ન શબ્દ રહેલો છે તે પ્રાણવાયુને ઉત્પન્ન કરનાર છે, અને જે દ શબ્દ રહેલો છે તે અગ્નિનો ઉત્પાદક છે. માટે પંચમહાભૂત તત્વોમાંના મૂળ તત્વો વાયુ અને અગ્નિના સંયોગથી નદ ધાતુ ઉપરથી નાદ શબ્દ થયો. નાદનાં અખંડિત અને ખંડિત એવા બે પ્રકાર છે. અખંડિત અવાજ સૂક્ષ્મ છે, અને તે બ્રહ્માંડમાં અને શરીરમાં નિરંતર થયાજ કરે છે. આપણાથી તે સાંભળી શકાતો નથી, પરંતુ તેનો અનુભવ એકાંતમાં યોગાભ્યાસ કરનારા મહાત્મા પુરૂષો સમાધિ દશામાં કરી શકે છે. એનો શબ્દ રૂપે નાદ થતો નથી, પરતુ તેનું ચિન્હ ૐ રાખવામાં આવેલ છે. નાદ સર્વવ્યાપી છે, તે આપણે રેડીઓથી જાણી શકયા છીએ. અમેરીકામાં થતી વાત કે અવાજ રેડીઓ વતી અહિં બેઠાં આપણે સાંભળીએ છીએ, તેથી તે આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત છે, અને અખંડ છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળથી અર્થાત ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે ગુણોથી પર એવું જે કાંઇ છે તે ૐકારજ છે. આત્મા બ્રહ્મ છે, અને ૐકાર પણ બ્રહ્મ છે. બ્રહ્મ વાચ્ય છે અને ૐકાર વાચક છે, આત્માનો વ્યવહાર શબ્દોની સાથે રહેલો છે, અને શબ્દ માત્રથી ધ્વની કે નાદ પ્રગટ થાય છે. તેથી નાદનું અધિષ્ઠાન ૐકાર છે.

આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ, અને જળમાંથી પૃથ્વી, એ રીતે પંચ મહાભૂતોની ઉત્પત્તિ છે. શબ્દ એ આકાશનો ગુણ છે, માટે સર્વ આકાશની અંદર આવી જતા આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીમાં નાદ રહેલો છે, અને તેથી તેના જગત એક અણું માત્ર પણ બાકી નથી. એ રીતે એ પંચભૂતની બનેલી સકળ સૃષ્ટિમાં શબ્દ અથવા નાદ બીજ રૂપે રહેલ છે, એવો નાદ, જેમાંથી ધ્વની, અવાજ, શબ્દ વિગેરે અનાહત (અખંડિત) અને આહત-ખંડિત એવા નાદનાં જે રૂપો ઉત્પન્ન થયાં તે નાદ ચેતન રૂપ એટલે બ્રહ્મરૂપ છે, તેથી તેને નાદબ્રહ્મ કહે છે. એવા નાદબ્રહ્મમાં રહેલા અનાહત-અખંડિત નાદ ૐકારની નિરંતર ઉપાસના કરવાથી-શરીરની અંદર રહેલા વાયુ અને અગ્નિની શક્તિથી પકેલા લોહીના પ્રવાહની સાથે આ મનોરંજક નાદ શક્તિથી બ્રહ્મરન્ધ્ર વિકાસ પામે છે તેથી તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતાં મોક્ષ પ્રાપ્તિ થાય છે. આહતનાદ સંબંધી જ્ઞાન સંગીતના વિષય સાથે અપેક્ષ છે. જુઓ પાનું ૭૩ મું.

આપણા જેવા કુશલ વૃત્તિના સામાન્ય મનુષ્યો આહત-ખંડિત નાદના, દીર્ઘ ધ્વની, અવાજ કે શબ્દની ઉપાસનાથી એટલેકે સંગીતની યથાર્થ ઉપાસનાથી પોતાનો ધ્વની અનાહત-અખંડિત ૐકાર

નાદમાં મેળવી તેની મનોરંજકતાનો અનુભવ કરે છે, અને તે વડે નાદબ્રહ્મનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવે છે. એથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થ માટે સંગીત સાધન રૂપ છે. સઘળી ઇંદ્રિયોનો રાજા મન છે, મનનો લય પ્રાણનો પ્રવર્તક છે એથી મનનો લય નાદમાં થાય છે, તેથી સઘળી મનોવૃત્તિઓના ઉપર અંકુશ રાખવા માટે સંગીતની ઉપાસનાનો માર્ગ ઘણો સહેલો છે. સંગીતથી મનનો લય જલદી થઇ શકે છે તેથી જપ, તપ, ધ્યાન વિગેરે કરતાં સંગીત શ્રેષ્ઠ છે. તે દુઃખ, પરિતાપ, શોક, ચિતની સુન્યતા તથા ખેદનો નાશ કરે છે. ત્યારે:-

ॐकारं बिंदु संयुक्तं नित्यं ध्यायंति योगिनः
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः

ભાવાર્થ:-બિંદુ સહિત જે ઓંકારનું યોગી પુરૂષો ધ્યાન ધરે છે, એવા કામ અને મોક્ષ આપનાર ઓંકાર રૂપ પરમાત્માને હું વારંવાર નમસ્કાર કરૂં છું. અસ્તુ.

રજપુત પરા, રાજકોટ. ગોવિંદજી હંસરાજ મહેતા.

શ્રી નરહરી પ્રાસાદિક હારમોન્યમ કલબ.

—:o:—

ચાલુ જમાનાને અનુસરતાં દીલપસંદ ગાયનો શીખવવામાં આવે છે, અને હારમોન્યમ ભાડે આપવામાં આવે છે.

લીલાધર લક્ષ્મીચંદ મહેતા.

રાજકોટ-સદર.

મહેતા સંગીત શિક્ષક. ભાગ ૧ લો.

અનુક્રમણિકા.

સંગીત શાસ્ત્રની સમજુતી.

વિષયાંક.	વિષય.	પૃષ્ઠ.
૧	સ્વર જ્ઞાન... ...	૨
૨	શ્રુતિ જ્ઞાન... ...	૫
૩	સ્વર સપ્તક ...	૭
૪	ગ્રામ	૧૧
૫	મૂર્છના	૧૪
૬	તાન	૧૫
૭—૮	સ્વરજાતિ, ચમક ...	૧૭
૯-૧૦	મીંડ, અલંકાર ...	૧૮
૧૧-૧૨	આલાપ, લય ...	૧૯
૧૩	કલ્પ જ્ઞાન... ...	૨૦
૧૪	માત્રા જ્ઞાન... ...	૨૧
૧૫	તાલ જ્ઞાન...	૨૨
૧૬	ઘાટ...	૨૩
૧૭	રાગ...	૨૪
૧૮	લાગ અને ડાટ સ્વર	૨૮
૧૯	રાગના સ્વરો ...	૩૦
૨૦	રાગ સમય ...	૩૭
૨૧	સંગીત લેખન પદ્ધતિ	૩૯
,,	સ્વર લેખન ...	૩૯
,,	સપ્તક સ્વર લેખન	૪૦
,,	માત્રા લેખન પદ્ધતિ	૪૧
૨૧	તાલ લેખન ...	૪૩
૨૨	મૃદંગ શિક્ષણ ...	૪૫
,,	તાલ જાતિ ...	૫૧
,,	તાલ ત્રિતાલ ...	૫૨
,,	તાલ લાવણી ...	૫૬
,,	તાલ જલદ ત્રિતાલ	,,
,,	તાલ પંજાબી ...	૫૭
,,	તાલ એકતાલ લાવણી	૫૭
,,	તાલ કેરવો ...	૫૮
,,	તાલ દાદરો ...	૫૮
,,	તાલ હીંચ... ...	૫૯
,,	તાલ ધ્રુવપદ ...	૫૯
,,	તાલ આડચે તાલ...	૬૦
,,	તાલ ગઝલ ...	૬૧
,,	તાલ તિવરો ...	૬૨
,,	તાલ રૂપક... ...	૬૨
,,	તાલ દીપચંદી ...	૬૨
,,	તાલ ઝુમરો ...	૬૩
,,	તાલ ઝપ	૬૩
,,	તાલ સૂલ્ફાક ...	૬૩
,,	તાલ એકતાલ ...	૬૪

૨	તાલ ધમાર ...	૬૪	૨૪	હારમોન્યમની ચાવીઓ	૭૩
૩	તાલ નિઘાવડો ...	૬૪	૨૫	સ્વરસંકાર લેખન	૮૨
૩	હારમોન્યમ વાદ્ય...	૬૫	૨૬	સારીગમો	૮૩

ગાયનોની અનુક્રમણિકા.

નંબર.	ગાયન.	પૃષ્ઠ.	નંબર.	ગાયન.	પૃષ્ઠ.
૧	સકલ વિશ્વના નાથરે	૧૦૦	૨૧	તેડું થયું કીરનારનું	૧૪૨
૨	ગંગા જળ નિર્મળ	૧૦૧	૨૨	ચંદ્ર વદના ચંદ્રને શું	૧૪૪
૩	પ્રિયતમ પ્રભુ નમીએ	૧૦૨	૨૩	મારૂં વતન આ વ્હાલું	૧૪૬
૪	દીનનો દયાળ છોડી	૧૦૫	૨૪	ગાંધી તું આજ હિન્દકા	૧૪૭
૫	કૃષ્ણ કરે તે ઠીક કરે છે	૧૦૮	૨૫	વિષય વાત મગ માત	૧૪૯
૬	કાનુડા તારી કામણ	૧૧૦	૨૬	રસી ! પ્રેમીનાં દૈડાં	૧૫૨
૭	સાર આ સંસારમાં	૧૧૨	૨૭	દીવા દેશ અમ ઉજવળ	૧૫૩
૮	સજેલાં શ્રી પ્રભુજીએ	૧૧૪	૨૮	જખમનાં દર્દો જખમી	૧૫૬
૯	મોરલા મઢાવુ ચાંચ	૧૧૬	૨૯	મારી નાવ તમારે હાથે	૧૫૮
૧૦	અજર અમર પદ દેનારૂં	૧૧૮	૩૦	ભાઇ ભારતકા શીરતાજ	૧૬૦
૧૧	સુજારે જે શીરે તારે	૧૨૦	૩૧	ઓ હિંદ દેવ ભુમી	૧૬૨
૧૨	આજ શામ મોહેલીનો	૧૨૩	૩૨	દીલ હિંદ તણું ઉર	૧૬૪
૧૩	વંસરી બજાઇ આજ	૧૨૫	૩૩	જ્યારે પડે આફત શીરે	૧૬૬
૧૪	જગતમાં જોરથી જામ્યો	૧૨૭	૩૪	અવ માતુ ભુમી તેરે	૧૬૮
૧૫	થવાનું ના થવાનું કહે	૧૨૯	૩૫	મારી દોલત કૃષ્ણ	૧૭૦
૧૬	દુનીયા તણા દીવાના	૧૩૦	૩૬	વિશ્વના વિહારી ...	૧૭૧
૧૭	પ્રજાને પ્રેમથી પોષે	૧૩૨	૩૭	દેખો દેખો જશોદાજી	૧૭૨
૧૮	જેવી કરે જે કરણી	૧૩૪	૩૮	યમુના તણા કીનારે	૧૭૫
૧૯	દુનીયાને ઉંધા ચશમા	૧૩૬	૩૯	શ્રી ત્રિપુરારી સ્મરૂં	૧૭૭
૨૦	રાજી ન રૈયત કરી	૧૪૦	૪૦	વિક્રમાવે નવજીવન	૧૭૮

૪૧ આવે કનાંમેં અધુરી ૧૮૧
૪૨ થયુ પ્રેમ વશ પાતળીઆ ૧૮૩
૪૩ નિર્ગુણ નિર્વિકારી ૧૮૫
૪૪ મન મોહ હવે ગમરી ૧૮૬
૪૫ નહિં છોડે માય સમાધ ૧૮૮
૪૬ આવરણ વર્ષ વિનતી ૧૯૦
૪૭ સૌ ભારતનારી ભણો ૧૯૨
૪૮ પ્રેમ તત્વ મોહ અન્ય ૧૯૩
૪૯ નેહ ભર્યો નયનો .. ૧૯૫
૫૦ ભુમ્રો ગુલાબ અમારી ૧૯૭
૫૧ પ્રેમપ્રેમ પ્રેમીના દીપના ૧૯૮
૫૨ આવો મુમારૂ ચલે ૨૦૧
૫૩ બલિદાન થયો કુમારનાં ૨૦૩
૫૪ એક મારખા દીવસ ૨૦૫
૫૫ સજજન આ સંસારમાં ૨૦૭
૫૬ દયનાં શુદ્ધ પ્રેમ તો ૨૦૮
૫૭ તારવે ફુલાં બજા વીના ૨૧૦
૫૮ સજજન હાથે મુખરીને ૨૧૧
૫૯ હાથી જન રૂપ ઉપર ૨૧૩
૬૦ અંધથી પ્રજા દુરે નહિ ૨૧૫
૬૧ જે અરણ્ય જે છાંદગીની ૨૧૬
૬૨ ઉપવન ચિત્ત આંધે ૨૧૮
૬૩ ન જોય પ્રીતિ રૂપ ૨૧૯
૬૪ મુખડાર મુખડા રાં ૨૨૧
૬૫ મમણીના નયનોનાં લાખોરરર
૬૬ હૃદયમાં સ્નેહ શાયો ૨૨૪
૬૭ સિંહનું સાધ્યા મન ૨૨૬
૬૮ સંત એક પરિમલ ૨૨૯
૬૯ સંસારે સમજીયે શાણા ૨૩૧
૭૦ અદ્ભુતમ પદ ગેય ૨૩૩
૭૧ જનની બાલક આપ ૨૩૪
૭૨ હું રાજાજા નિર્ધન થઈ ૨૩૬
૭૩ વારેવા વિણા વરેલો ૨૩૭
૭૪ મર્મમાં ગુરૂ મોતિના ૨૪૦
૭૫ અમે તો આજ તમારા ૨૪૩
૭૬ કરમ કર ગોરે ૨૪૩
૭૭ યું ક્રમ ન કરે અગિગ ૨૪૮
૭૮ દેહ રાખી મરજી ૨૫૦
૭૯ મહેરબાં તો બનવેગે ૨૫૨
૮૦ દુખ તેરા યે ગાનમ ૨૫૪
૮૧ ગોકુ દીન તોતો અવગે ૨૫૬
૮૨ જગા દીલ ન હો બાબુમેં ૨૫૮
૮૩ ઝાકર અગર મીયર ૨૬૦
૮૪ મકરા ચાનેરણ રીના ૨૬૧
૮૫ ઝાકુ મિલાકર છોડો ૨૬૩
૮૬ શાયરીયાને લેખ લીયો ૨૬૪
૮૭ નામ રટ મન રામ ૨૬૬
૮૮ મોતી કામદુતિ સુખગાંધી ૨૬૭
૮૯ અરે મન સમજ સમાજ ૨૬૮
૯૦ આ રાજ્ય-વૈભવ સંસાર ૨૭૦
૯૧ દા- પરે દયા લાવોરે ૨૭૨
૯૨ માલિકના બાગકે સહુ ૨૭૩
૯૩ આખિલ શ્રીષ બધુ ૨૭૫
૯૪ મારા હૃદય બાગના ૨૭૭

૯૫ નહિ ચીજ કોઇ ગળી ૨૭૮
૯૬ કોઇનું કર્યું કાંઇ થાય ૨૮૦
૯૭ મનુષ્ય માત્રની શોભા ૨૮૨
૯૮ મનની મનમાં... ...૨૮૪
૯૯ દરીયે ડોળી મેળવ્યાં ૨૮૬
૧૦૦ રચના રે રચના કરી ૨૮૮
૧૦૧ ચાહો જો તમે નરેશ ૨૯૦
૧૦૨ શું નટવર વસંત થેઇ ૨૯૨
૧૦૩ યુનેમ થાંદની પ્રીતી ૨૯૫
૧૦૪ વર્ષા ઋતુ શી ... ૨૯૭
૧૦૫ સુખ દર સમજો સંસાર ૨૯૯
૧૦૬ મદીમા જેના માતાં ૩૦૨
૧૦૭ આલમાં ઝીણી ઝણકે ૩૦૫
૧૦૮ ઉગ્યો સખી સૃષ્ટીનો ૩૦૬
૧૦૯ કાંચ વાગ્યો રે મારે ૩૦૯
૧૧૦ સારીગમ (રલોમાર્ચ) ૩૧૧
૧૧૧ સારીગમ (ક્વીક માર્ચ) ૩૧૨
૧૧૨ ચાલો સાહેલી ભુવનેશ્વરી ૩૧૩
૧૧૩ વટ સાવિત્રી વ્રત આજ ૩૧૫
૧૧૪ વંદે માતરંમ ... ૩૧૮
૧૧૫ ગોડ સેવ્ય ધી કીંગ ૩૨૦

મંગળાચરણ. છંદ શ્રી શાર્દુલ વિક્રીડિત.

જન્માદિબીજ અન્વયાદિથી વિભુ અર્થજ્ઞ આ વિશ્વનો,
વિસ્તાર્યા વિધિમાટ વેદ હૃદયે મુંઝાય જ્યાં પંડિતો;
દીપ્તિ મૃદ્જળ પેઠ વિનિમય જ્યાં ત્રિસૃષ્ટિ સત્યે નહિ,
માયા હીન સદા સ્વજ્યોતિ સ્વરૂપે સત્યં પરં ધી મહિ।



|| જ – ન્મા – દિ – બીજ અ – ન્વયા – દિ થી વિભુ – ||
|| સા – સા – રી – મ મ પ – મ પ – મ ની ધ પ – ||

|| અ – ર્થ – જ્ઞ આ આ વિ – શ્વ નો – || વિ – સ્તા – ર્યા – વિધિ
|| મ – પ – ધ સાં ની ગ – પ મ – || ની – ની – ધ – પ પ

મા – ટ વે – દ હૃ દ યે || મું ઉં ઝા – ય જ્યાં આં પં – ડી તો – ||
મ – ગ ગ – રી સા રી ની || ની સા સા – રી મ ગ સા – રી સા – ||

સંગીત વિદ્યાલય,—રાજકોટ પરા.

દંડ વાજીંત્ર ઉપર ગાયનો સારેગોક્ત પદ્ધતિ પ્રમાણે શીખવાવવામાં આવે છે, અને રીપેરીંગ કામ પણ કરી આપવામાં આવે છે.

મોહનલાલ રૂગનાથ ઉપાધ્યાય.

Established A. D. 1920.

મેઘજી ખીમજી એન્ડ કંપની.

હારમોન્યમ બનાવનાર તથા દુરસ્ત કરનાર—રાજકોટ.

ક્રેઝરાઇલ, એન્ટીવ, પાલીતાણા, ઝરમની તથા અમેરીકન વિગેરે સુરની બનાવટના હાથના તથા પગનાં દીલપસંદ ઢબના



દરેક દેશની આબોહવાને માફક આવે તેવાં ઘણાંજ સસ્તાં અને વિલાયતી બનાવટની બરોબરી કરે તેવાં ટકાઉ હારમોન્યમો અમારા કારખાનામાં છુટક તથા જથ્થાગંધ બનાવી આપીએ છીએ

માત્ર એકજ વખત ઓર્ડર આપી ખાત્રી કરશો. જુનાં હારમોન્યમ રીપેર કરી આપશું તથા હારમોન્યમના સુરો તથા તેને લગતો સઘળી જાતનો સામાન અમારે ત્યાંથી છુટક તથા જથ્થાગંધ મળશે. વધુ માટે અમારૂં સુચીપત્ર મંગાવી લેશો.

પત્ર સ્ટેશન રોડ, રાજકોટ,—(કાઠીયાવાડ).

॥ ॐ श्री गणेशाय नमः ॥ ॐ श्री सरस्वत्यै नमः ॥

મહેતા સંગીત શિક્ષક.

ભાગ ૧ લો.

સંગીત શાસ્ત્ર.

સં એટલે સારી રીતે અને ગીત એટલે કોઇ પણ કવિતા જુદા જુદા સ્વરમાં ગાવી તે. વાજીંત્ર અને નૃત્ય જે સંગીતના મુખ્ય અંગ છે તેની સાથે ગાવું તેને સંગીત કહે છે.

સંગીતમાં સૌથી ઉપયોગી વિષય ગીત છે. સંગીતશાસ્ત્રમાં બે મુખ્ય વિષય સમાયેલા છે. ૧ સંગીતકળા અને સંગીત વિદ્યા.

૧. સંગીતકળાઃ—સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે ગાવું, બજાવવું અને નૃત્ય કરવું તેને સંગીતકળા કહેવાય છે.

૨. સંગીતવિદ્યાઃ—સંગીત શાસ્ત્રના નિયમ પ્રમાણે હરકોઇ ગાયન ગાવા બજાવવા જેવું કરી આપવું કે જેનાથી ગાઇ બજાવી શકાય તેને સંગીતવિદ્યા કહેવાય છે.

સંગીતકળા અને સંગીતવિદ્યાના તાલ, સ્વર વિગેરેના ઉપયોગ સમજાવનારા નિયમોના સંગ્રહને સંગીતશાસ્ત્ર કહે છે.

૧. સ્વર જ્ઞાન.

સંગીતવિદ્યામાં ગાવાને માટે જે નિયમો એકઠા કરવામાં આવેલા છે તેનું બંધારણ નાદ ઉપર ઘડવામાં આવેલ છે. નાદ શબ્દમાં જે ન અક્ષર રહેલો છે તેનો અર્થ પ્રાણ એટલે વાયુ અને જે દ અક્ષર રહેલો છે તેનો અર્થ અગ્નિ એટલે ઉષ્ણતા, તે બન્નેના સંયોગથી જે સંભળાય છે તેને નાદ કહે છે નાદ બે પ્રકારના છે ૧. અનાહતનાદ અને ૨. આહતનાદ.

૧. અનાહતનાદ. જે નાદ ખંડિત થયા વગર નિરંતર થયા કરે છે પરંતુ જે સામાન્ય માણસોથી સાંભળી શકાતો નથી તેને અનાહતનાદ કહે છે. આ અનાહતનાદમાં મનોરંજકતાનો ગુણ રહેલો છે પરંતુ તેનો અવાજ સુક્ષ્મ છે. તે સાંભળીશકવાને માટે ગંભીર શાંત સ્થાન અને ચિત્તની એકાગ્રતાની જરૂર છે. તેથી તેનો અનુભવ યોગાભ્યાસ કરનારા યોગી મહાત્માઓ સમાધી દશામાંજ કરી શકે છે. એવા અનેક પ્રકારના અખંડિત ગુપ્ત નાદ બ્રહ્માંડમાં તેમજ શરીરમાં નિરંતર થયાજ કરે છે. આહત અને અનાહતનાદનાં સાંભળી શકાય તેવાં મૂળ રૂપને નાદબ્રહ્મ કહે છે, કારણ કે તે ચેતન રૂપ છે. તેનું ચિન્હ ધ્વનીરૂપે ૐ અર્થાત ઓમ્ રાખવામાં આવેલ છે સદ્ગુરૂએ બતાવેલા માર્ગ પ્રમાણે આ નાદની ઉપાસના કરવાથી શરીરની અંદર રહેલા વાયુ અને અગ્નિની શક્તિથી વહેતા લોહીના પ્રવાહની સાથે આ મનોરંજક નાદશક્તિથી બ્રહ્મરન્ધ્ર વિકાસ પામે છે તેથી તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતા મોક્ષ મળે છે. સ્થૂલવૃત્તિવાળા મનુષ્યના મનને આ અનાહત નાદ આનંદ આપી શકતો નથી.

૨. આહતનાદ એટલે જે વસ્તુના આઘાતથી થતો નાદ તે ગણિત થાય છે. જે નાદ આપણા કે અન્ય પ્રાણીઓના કૃત્રિમ શરીરઅંગો અથવા પદાર્થોના આઘાતથી ઉત્પન્ન થતાં સાંભળી શકાય છે તેવા કૃત્રિમ નાદને આહતનાદ કહે છે. એ નાદ પામર મનુષ્યનાં મનને ખુશ કરી શકે છે. આહતનાદના ધ્વનિ, અવાજ અને શબ્દ એવા ત્રણ વર્ગ પાડવામાં આવેલા છે. જડ પદાર્થો કે વનસ્પતીના આઘાતથી જે નાદ સંભળાય છે તેને ધ્વનિ કહે છે, કારણકે તેવા નાદનો કાંઇ અર્થ થઇ શકતો નથી, પરંતુ તેને સાંભળીને તે શાનો અથવા શું અવાજ થયો તે જાણી શકાય છે. તેથી તેને ધ્વન્યાત્મક નાદ કહી શકાય છે. પ્રાણીઓના નાદને અવાજ કહે છે. તેને પણ ધ્વન્યાત્મક નાદની ગણનામાં લેવામાં આવેલ છે. મનુષ્યથી બોલાતી કોઇ પણ ભાષાના અક્ષરને બોલીને જે નાદ ઉત્પન્ન કરી શકાય છે તેને શબ્દ કહે છે. શબ્દ વર્ણ અર્થાત અક્ષરથી જાણી શકાય છે. તેને વર્ણાત્મક નાદ કહે છે, કારણકે તેવા વર્ણથી ઉત્પન્ન થતા નાદનો અર્થ થઇ શકે છે. આહતનાદમાં મધુર અને અમધુર એવા બે પ્રકારના નાદ છે. વીજળીના કડાકા, મેઘગર્જના, તોપના ધડાકા વિગેરે ધ્વનિ કાને અપ્રિય, લોંસ, કાગડા, બગલા વિગેરેના અવાજો કાનને અપ્રિય અર્થાત અમધુર લાગે છે. અને ઘંટ, વાજું, ઝાલર, મૃદંગ, વિગેરેના ધ્વનિ, કોયલ, મેનાં, મયૂર, વિગેરેના અવાજ કાનને ઘણાજ મધુર લાગે છે. એ પ્રમાણે આહતનાદનાં ધ્વનિ અને અવાજ એવા બે રૂપોમાંનાં મધુર નાદો આપણા મનને રંજન કરી શકે છે તેમના સાચા સ્વરૂપને

શ્રુતિ (એટલે સૂક્ષ્મ સ્વર) અને સ્થૂલ સ્વરૂપને સ્વર કે સૂર કહે છે. સાધારણ ગાવા બજાવવામાં સ્થૂલ સ્વરો વપરાય છે અને ખાસ રાગ રાગણીઓનાં બધાં સ્વરૂપથી ગાવા બનાવવામાં શ્રુતિઓ વપરાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાણીઓના મધુર અવાજો અને જડ પદાર્થોના આઘાતથી થતા મધુર ધ્વનિઓ સાંભળનારના મન ઉપર અસર કરે છે અને તેમાં આનંદ, શાન્તિ અથવા ઉગ્રતાની લાગણી ઉત્પન્ન કરે છે. તે સઘળા અવાજો અને ધ્વનિઓનું પૃથક્કરણ કરી સંગીતાચાર્યોએ શોધી કાઢયું છે કે તે સઘળા અવાજો અને ધ્વનિઓનો આમ સાત પ્રકારના નાદમાં સમાવેશ થઈ જાય છે. તે સાત નાદોને સંગીત-શાસ્ત્રમાં સ્વર કે સૂર કહે છે. એ સાત સ્વરોનાં નામ ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, અને નિષાદ છે. મનુષ્યના કંઠ સિવાય બીજા પ્રાણીઓના અવાજ સાથે સરખાવતાં ષડ્જ મોરના અવાજ જેવો, ઋષભ ગાયના અવાજ જેવો, ગાંધાર બકરાના અથવા ઘેટાંના અવાજ જેવો, મધ્યમ ક્રૌંચ પક્ષીના અવાજ જેવો, પંચમ કોયલના અવાજ જેવો, ધૈવત ઘોડાના અવાજ જેવો અને નિષાદ હાથીના અવાજ જેવો છે. એ સ્વરોના ઉચ્ચાર સ્થાન:-ષડ્જ સ્વરને બોલતાં નાક, કંઠ, તાળવું, છાતી, હૃદય અને દંત એ છ સ્થાનની જરૂર પડે છે તેથી તેને ષડ્જ નામ આપેલું છે. ઋષભ સ્વર, વાયુ, નાભી કંઠ અને મસ્તકની મદદ પડે ઉત્પન્ન કરી શકાય છે અને તે વૃષભની ગર્જના અવાજ કરે છે તેથી તેને ઋષભ કહે છે. ગાંધાર બોલતાં નાભી, કંઠ મસ્તક વિગેરે સ્થાનેથી વાયુ નાદ રૂપે અધિક મુખ [illegible] તેથી તેને ગાંધાર કહે છે. મધ્યમ સ્વર, વાયુ,

નાભી અને હૃદય એટલે મધ્ય સ્થાનેથી ઉત્પન્ન થાય છે તેથી તેને ધૈવત કહે છે. નિષાદ સ્વર બોલતાં વાયુ, નાભિ, કંઠ, તાળુ, મસ્તક વિગેરે સ્થાનેથી ઉત્પન્ન થવાથી તેને નિષાદ સ્વર કહે છે. એ સાતે સ્વરનો અવાજ ઉત્પન્ન કરવા માટે અનુક્રમે સા, રી, ગ, મ, પ, ધ, અને ની એવી ટુંકી સંજ્ઞાઓ મુકરર કરવામાં અવી છે. એ સાતે સ્વરો ષડજથી માંડીને નિષાદ સુધી અનુક્રમે એક બીજાથી ચઢીઆતા છે, એટલે સીડીનાં પગથીઆં ચઢવામાં આવે તેની માફક સા થી રી, રી થી ગ એમ ની અને તે ઉપરના સા સુધી સ્વરને ઉંચાં સ્થાનોમાં ચઢાવાય છે, અને ત્યાંથી પગથીઆં ઉતરવામાં આવે તેમ ઉપરના સા થી ની, ની થી ધ એ પ્રમાણે ઉતારાય છે. તે ચઢવા ઉતરવાની ક્રિયાને આરોહણ, અવરોહણ કરવું કહે છે.

૨. શ્રુતિ જ્ઞાન.

ઉપર જણાવેલ નાદના સ્થૂલ સ્વરૂપોને ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ કહે છે એ ઉપર જણાવવામાં આવ્યું, તે સ્વરોનાં શુદ્ધ સ્વરૂપો છે. તે સાતે સ્વરરોની વચ્ચમાં તેજ સ્વરોનાં કોમળ, તીવ્ર એવાં ઉંચાં નીચા બીજા સ્વરૂપો થાય છે. કોયલનો સ્વર સાંભળ્યા પછી મયુરનો સ્વર સાંભળતાં તેમાં અવાજના ફેરફારનું જેમ અનુમાન થાય છે તેમ એ સાત સ્વરોના મુળ સ્વરૂપના અવાજના ફેરફારનાં અનુમાનને શ્રુતિ કહે છે. એ પ્રમાણે એ સાતે શુદ્ધ સ્વરૂપો અને તેનાં કોમળ તીવ્ર સ્વરૂપો મળી કુલ ૨૨ શ્રુતિઓ થાય છે. ષડ્જમાં એટલે સા સ્વરની ચાર શ્રુતિઓ થાય છે, તેમની ત્રીજી અને ચોથી શ્રુતિએ ઋષભ

ઓટલે રી સ્વરનું મિશ્રણ થાય છે. ગાંધારની ત્રણ શ્રુતિઓ થાય છે, તેમાં બીજી શ્રુતિઓ ગાંધારનું ઓટલે મ સ્વરનું મિશ્રણ થાય છે ગાંધારની બે શ્રુતિ છે, તેમાં બીજી શ્રુતિએ કોમળ અથવા શુદ્ધ મધ્યમનું ઓટલે મ સ્વરનું મિશ્રણ થાય છે. મધ્યમની ચાર શ્રુતિઓ થાય છે, તેમાં બીજી શ્રુતિએ તીવ્ર મધ્યમનું અને ચોથી શ્રુતિએ પંચમનું ઓટલે પ સ્વરનું મિશ્રણ થાય છે. પંચમની પણ ચાર શ્રુતિ છે, તેમાં ચોથી શ્રુતિએ ધૈવત ઓટલે ધ સ્વરનું મિશ્રણ થાય છે. ધૈવતની ત્રણ શ્રુતિ છે, તેમાં ત્રીજી શ્રુતિએ નિષાદ ઓટલે ની સ્વરનું મિશ્રણ થાય છે નિષાદની બે શ્રુતિ છે, તેમાં બીજી શ્રુતિએ દીપ સપ્તકના સા નું મિશ્રણ થાય છે. એ પ્રમાણે કુલ બાવીસ શ્રુતિઓ છે. આ શ્રુતિઓના જાતિ વિગેરે બીજા પણ ભેદ છે, પરંતુ આ પુસ્તકમાં તેવા ઊંડાણપૂર્વક જ્ઞાનની આવશ્યકતા નથી.

સામાન્ય ગાનાર તથા બાલપ્રજા ફક્ત બાર શ્રુતિઓનોજ ઉપયોગ કરે છે. હાર્મોનિયમ, પીઆનો, ઓર્ગન, વિગેરે અંગ્રેજી પદ્ધતિના વાજાંઓમાં જો ફક્ત બારજ સ્વરની બારજ શ્રુતિઓ કાઢી શકાતી નથી, તે બારજ શ્રુતિઓ નીચે પ્રમાણે છે:—

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
સા	રી	રી	ગ	ગ	મ	મૅ	પ	ધ	ધ	ની	ની

(સંક્ષેપમાં સ્વરોને કોમળ રૂપમાં લખવાના છે અને મૅને તીવ્ર અમ્મ્યે અને સાદા રૂપમાં આપણે શુદ્ધ સમજવા)

બાવીસ શ્રુતીનો ઉપયોગ સારંગી, દીલરૂબા વિગેરે તંતુ વાદ્યોમાં કાઢી શકાય છે અને ગાયનાચાર્યો અને ઉસ્તાદો તેને સારી રીતે ગાઇ બજાવી શકે છે.

તે બાવીસ શ્રુતીઓ નીચે પ્રમાણે છે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
સા	રીં	રી	રી	ગં	ગ	ગ	મ	મ	મૅ	પૅ	પ
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨		
પ	ધૅ	ધ	ધ	નીં	ની	ની	સૉ	સા	સાં.		

(સંસ્કૃત સ્વરની ઉપર ˘ આવું ચિન્હ છે તે અતિ કોમળ, મૅ તીવ્ર અને ગુજરાતી વર્ણને શુદ્ધ અને ચિન્હ વગરના બાળબોધ વર્ણને કોમળ સ્વર ગણવા).

૩. સ્વરસપ્તક.

સ્વરજ્ઞાનમાં જણાવેલા સાત સ્વરો ઉપરંત વધારે શુદ્ધ સ્વરો થઇ શકતા નથી. એટલે જો સ્વરની સીડીને આઠમે પગથીએ જઇએ એટલે કે ની ઉપરાંતના શુદ્ધ સ્વરૂપમાં અવાજને ચઢાવીએ તો પ્રથમ આવતો ષડજ એટલે સા સ્વર પોતેજ એને એ સ્થાનમાં બમણો ઉંચો જણાય છે અને મુળ સ્થાનેથી નીચેના આઠમે પગથીએ નીચેના શુદ્ધ સ્વરમાં ગળુ ઉતારીએ તો પ્રથમનો સા પોતેજ પોતાના સ્થાનમાં નીચો જણાશે. તેથી સા, રી, ગ, મ, પ, ધ, ની, એ સાત સ્વરો ઉપરાંત શુદ્ધ સ્વરૂપે આઠમું પગથીઉં નથી. તેથી તે સાત સ્વરનો અવિભક્ત સમુહ હોવાથી તેને

સ્વરસપ્તક કહે છે. એ સ્વરો પોતાના સ્થાનમાંજ રહી ઉંચા નીચા બોલાતા હોવાથી સંગીતશાસ્ત્રમાં તેનાં ઓછામાં ઓછાં ત્રણ સપ્તક કર્યાં છે. તે મુળ ત્રણ સપ્તકના એકવીસ સ્વર આપણે માટે પુરતા છે. કારણકે એથી વધારે ઉંચે કે નીચે સ્વરે બોલવાની શક્તિ મનુષ્ય પ્રાણીના કંઠમાં નથી. એ ત્રણ સપ્તકનાં નામ ૧. મન્દ્રસપ્તક, મધ્યમસપ્તક, અને તારસપ્તક, રાખવામાં આવેલ છે.

મંન્દ્રસપ્તકના સ્વરો મધ્યમસપ્તકના સ્વરો કરતાં પોતાનાજ સ્થાનમાં નીચા બોલાય છે. તાર સપ્તકના સ્વરો મધ્યમ સપ્તકના સ્વરો કરતાં પોતાનાજ સ્થાનમાં ઉંચા બોલાય છે. એટલે મંન્દ્રસપ્તકના સ્વર કરતાં તાર સપ્તકના સ્વરો બમણા ઉંચા હોય છે.

કોઇના કાનમાં ધીમેથી બોલતાં જે અવાજ નીકળે છે અથવા જે સ્વરોને બોલતાં છાતીને મહેનત પડે છે તેવા સ્વરોના સપ્તકને મંન્દ્રસપ્તક કહે છે. સાધારણ વાતચીતમાં કે રોજ બોલવામાં તેમજ સાદા અવાજમાં કવિતા બોલવામાં જે સ્વરો નીકળે છે તે સ્વરોના સપ્તકને મધ્યમસપ્તક કહે છે અને દૂરથી કોઇને ઘાટો કાઢીને બોલાવવામાં અથવા તાળુસ્થાનમાંથી ઉચ્ચરવામાં જે સ્વરો નીકળે છે તેવા સ્વરના સપ્તકને તાર કે ટીપસપ્તક કહે છે.

જ્યારે સ્વરો પોતાનાજ સ્થાનમાં સ્થીર રહી ઉંચા બોલાય છે ત્યારે તેને ઉદાત્ત સ્વરો કહે છે, અને તે ઉંચા બોલાતા સાતે સ્વરોના સમૂહને ઉદાત્ત અથવા તારસપ્તક કહે છે.

જ્યારે સ્વરો પોતાના સ્થાનમાં અચળ રહી નીચા બોલે છે ત્યારે તે નીચા સ્થાનમાં બોલવાના ગાતે સ્વરો અનુદાત્ત કહેવાય છે અને તેના તેવા સ્વર સમુહને **અનુદાત્ત** અથવા **મન્દ્રસમક** કહે છે. અને જો તેજ સ્વરો જ્યારે પોતાનાજ સ્થાનમા રહીને સમપૂત્તિમાં એટલે કુદરતી મૂળ અવાજમાંજ બોલાય છે ત્યારે તેને **સ્વરિત** કહેવામાં આવે છે અને તે મુળ સ્વર સમુહને **સ્વરિતસપ્તક** અથવા **મધ્યમસમક** કહે છે.

આ પુસ્તકની સંગીતલેખન પદ્ધતિમાં એ ત્રણે સપ્તકનાં અનુક્રમે **મન્દ્ર, મધ્યમ** અને **ટીપ** એ નામ રાખવામાં આવેલ છે.

ઉદાહરણ:—



ઉપરના સમકોમાં જણાવેલ સાત સ્વરો જ્યાં સુધી પોતાના અસલ સ્વરૂપમાં રહે છે ત્યાં સુધી તેમને **શુદ્ધ** સ્વરો કહે છે. એ શુદ્ધ સ્વરોમાંના કેટલાક સ્વરો વિકાર પામીને કોમળ અને તીવ્ર એવા બેટા સ્વરો બને છે. મુખ્ય સ્વરો તો સાતજ છે પણ તેમાંથી કેટલાક પોતાના અસલ સ્વરૂપથી ઉતરતા સ્વરૂપમાં બદલ કોમળ સ્વર બને છે અને મધ્યમ સ્વર પોતાના અસલ સ્વરૂપથી ચઢીઆતા

સ્વરૂપમાં જઇ તીવ્ર સ્વર બને છે. અવિકૃત રા, રી, ગ, મ, પ, ધ, ની અને વિકૃત રી, ગ, મ, ધ, ની મળી કુલ સ્વર બાર થાય છે. રી, ગ, ધ, ની, કોમળ થાય છે, મ તીવ્ર થાય છે, અને રા અને પ અચળ એટલે અવિકારી રહે છે. એ પ્રમાણે એક સપ્તકમાં શુદ્ધ, કોમળ અને તિવ્ર મળી કુલ ૧૨ સ્વર રહેલા છે એટલે સાત સપ્તકના મળી કુલ ૩૬ સ્વર થાય છે.

આ સાત સપ્તક ઉપરાંત બધારે સપ્તકની જરૂરી કરતાં મન્દ્રસપ્તકથી ઉતરતું સપ્તક રાખવામાં આવેલ છે તેને અતિમન્દ્ર સપ્તક કહે છે અને તેથી પણ ઉતરતા સપ્તકને અત્યતિમન્દ્ર સપ્તક કહે છે. તાર સ્થાયના ટીપ્ય સપ્તકથી ચઢીઆતા સપ્તકને તારેતર અને તેથી પણ ચઢીઆતા સપ્તકને તારેતમ સપ્તક કહે છે.

ગાનારના ગળાને અનુકુળ એવા કોઇ સ્વરને કલ્પિત પડજ સ્વર સ્થાપી ગાવામાં આવે તો તે સ્વરથી સપ્તકની શરૂઆત થઇ શકે છે. એ ઉપરથી ધારો કે કોઇ ગાનાર પોતાના ગળાને માફક આવતા સપ્તકને અનુકુળ પડે તેટલા માટે મુળ પડજ ચુકીને મધ્યમ સપ્તકના પંચમ સ્વરને પડજ કલ્પે તો તે ગાનારને મન્દ્રસપ્તકના પંચમ પહેલાના સઘળા સ્વરો અતિમન્દ્ર સપ્તકના સ્વરો થઈ જાય છે. તેમજ જો મન્દ્રસપ્તકના મધ્યમને કલ્પિત પડજ સ્થાપે તો તાર સપ્તકનાં ગાંધાર પછીના સઘળા સ્વરો તારેતર સપ્તકના સ્વરો બની જાય છે. સંગીત વિદ્યામાં એવાં સપ્તક સાત છે પરંતુ આ પુસ્તકની અંદર સંગીત લેખન પદ્ધતિમાં સાતે સપ્તક ન લેતાં અતિમન્દ્ર, મન્દ્ર, મધ્યમ, તાર, અને તારેતર એ પાંચ સપ્તકને જોગવવાની જરૂરીઆત આપી છે.

૪. ગ્રામ.

જેમ કેટલાંક માણસો અમુક માણસના આધિપત્ય નીચે રહે છે તેને કુટુંબ કહે છે તેમજ સંગીતવિદ્યામાં અમુક સ્વરના આધિપત્ય નીચે રહેલા સ્વરોના સમૂહીકરણને "ગ્રામ" કહે છે. એવા પ્રચલિત ત્રણ ગ્રામ છે **ષડ્જગ્રામ, મધ્યમગ્રામ** અને **ગાંધાર ગ્રામ.**

૧. **ષડ્જગ્રામ**:—નાસિકા, કંઠ, હૃદય, તાળુ જીભ્હ્યાં અને દાંતને સ્પર્શ કરી છ સ્થાનમાંથી ઉત્પન્ન થતા ષડ્જ સ્વરના આધિપત્ય નીચે રહેલા સ્વરોના સમૂહને ષડ્જગ્રામ કહે છે. આ ષડ્જ ગ્રામનો દરેક સૂર ઘણોજ સરળ અને આનંદ આપનારો છે. સર્વે શીખેલા તેમજ વગર શીખેલા જેઓ ગાય છે તેઓ આ ષડ્જ ગ્રામના સ્વરોથીજ ગાય છે.

મનુષ્યના કંઠમાંથી સ્વાભાવિક રીતે નીકળતા સામાન્ય સ્વરને ષડ્જ કહ્યવામાં આવ્યો છે. હવે કુદરતી રીતે સર્વે માણસના કંઠમાંથી સામાન્ય સ્વભાવિક સ્વર નીકળતો નથી, તેથી સર્વે માણસને અમુક કાલ્પનિક ષડ્જથી ગાવાનું અનુકુળ પડે શકતું નથી, તેથી ગાનાર પોતાને અનુકુળ કોઇ અન્ય સ્વરથીજ ગાવાનો પ્રારંભ કરે છે. પાસ કરીને હારમોન્યમ ઉપર શીખનાર જ્યારે પહેલી કળથી સા રી ગ મ ગાવાનું શરૂ કરે છે ત્યારે કેટલીક વાર આપણે જોઇ શકીશું કે તેજ ચોપડાના છેવટના સ્વર સુધી તેનું ગળું જોડી શકાતું નથી, તેથી તે પોતાને અનુકુળ પડે તેવો સ્વર પસંદ કરી ત્યાંથી સા રી ગ મ વિગેરે સ્વરોની યોજના કરી તેમાં ગાવાનું શરૂ કરે છે.

૨. મધ્યમગ્રામ:—ત્યાર પછીના મધ્યમગ્રામ અને ગાંધારગ્રામના સંબંધમાં કેટલાક અજ્ઞાનતાને લીધે એમ સમજે છે કે જ્યારે ગાવામાં કાદમનિક ષડ્જ અનુકુળ પડતો નથી ત્યારે મધ્યમને પોતાના કંઠને અનુકુળ માની તેને ષડ્જ સ્થાપી અનુક્રમે ઋષભ, ગાંધાર આદિ સ્વરોની યોજના કરી તેમાં ગાવાનું શરૂ કરે છે અને તેને મધ્યમ ગ્રામ કહે છે. એ પ્રમાણે મુકરર કરેલો ષડ્જ ગાવામાં અનુકુળ ન પડે તો મધ્યમ અગર ગાંધારને ષડ્જ માનવાનો એક નિયમ છે, અને તેથી ષડ્જ, મધ્યમ, અને ગાંધારથી તેવી અનુકુળ ષડ્જની યોજનાથી તેમાં આવતા સ્વરોના સમુહને ષડ્જ, મધ્યમ અને ગાંધારગ્રામ કહે છે. વળી કેટલાક તો ભુલથી મંદ્રસપ્તક, મધ્યમસપ્તક અને તારસપ્તકને જુદા જુદા ગ્રામ ગણે છે, પણ ખરી વસ્તુસ્થિતિ તેમ નથી.

મધ્યમગ્રામના સ્વરો ષડ્જ ગ્રામના સ્વરોની માફક સ્હેલાઈથી શીખી શકાતા નથી, પરંતુ ખાસ અભ્યાસથીજ તે શીખી શકાય તેમ છે. તેથી આ ગ્રામના સ્વરોથી ગાનારા ગુણીજનો અને ઉસ્તાદોજ ગાઈ શકે છે, પરંતુ તેઓનાથી પણ એ મધ્યમ ગ્રામના સૂર જાણી શકતા નથી. આવા ગ્રામમાં ગાવા બજાવવાનું કામ ઉંચુ જ્ઞાન ધરાવનારા આચાર્યો તથા ગુરૂઓ પાસેથી કઠીન પ્રયાસને અંતે મેળવી શકાય. આ મધ્યમગ્રામના સ્વરોમાં ગાનારા ઉત્તમકોટીના માણસો ગણાય છે.

૩. ગાંધારગ્રામ—આ ગ્રામ શીખવામાં મધ્યમગ્રામથી પણ વિશેષ કઠણ ગણાય છે. ઉત્તમકોટીના ગાયકો પણ તેમાં ગાઇ

શકતા નથી. માત્ર સંગીત વિદ્યામાં પૂર્ણ વિદ્વાન માણસોજ તે સંપાદન કરી શકે છે. એ ગ્રામમાં ગાઇ શકે તેવા માણસોને દેવની કોટીમાં મુકી શકાય. એ ગ્રામના સ્વરોમાં ગાનારા ગાંધર્વ સોકો કહેવાય છે; કારણ કે સાધારણ માણસોમાં તેને ગાવાની શક્તિ નથી.

ઉપર બતાવેલ ત્રણેમાંના દરેક ગ્રામમાં મુખ્ય સાત સ્વરો છે. સાત શુદ્ધ સ્વરો ઉપરાંત તેના કોમળ તીવ્ર મળી તે દરેક ગ્રામમાં એકવીસ શ્રુતિના સ્વરો છે. દરેકમાં સાત શુદ્ધ સ્વરના ત્રણ સમૂહ છે, તે ત્રણે સમૂહો સારી રીતે ઓળખવા માટે પ્રચલિત વ્યવહારમાં તેમનું ત્રણ ગ્રામમાં ગંધારણ કરવામાં આવ્યું છે. કારણ કે એકવીસ શ્રુતિઓમાંથી દરેક ત્રીજી શ્રુતિનો એક એક સ્વર બોલવાથી શુદ્ધ સાત સ્વરના ઉચ્ચાર એકી વખતે થાય છે. કોમળ સ્વરોનો સમૂહ બતાવવા માટે દરેક કોમળસ્વરો પાપરવાના હોય છે, અને અતિ કોમળ સ્વરો બતાવવાને માટે તે સાતે સ્વરો અતિ કોમળ અવાજથી બોલાવવાના હોય છે. એ ઉપરથી સાતે શુદ્ધ સ્વરોમાંના દરેક સ્વરના ત્રણ ત્રણ ભેદ સ્પષ્ટતાથી બતાવવાની એ એક ઉત્તમ પ્રકારની ક્રિયા છે.

ઉદાહરણ.

૧. ષડ્જગ્રામ.

શુદ્ધ સ્વર—સા રી ગ મ પ ધ ની સાં.

ગ્રામ સ્વર—સા રી ગ મ પ ધ ની સાં.

૨. મધ્યમગ્રામ.

શુદ્ધ સ્વર—સા રી ગ મ પ ધ ની સાં

ગ્રામ સ્વર— સા રી ગ મ પ

૩. ગાંધારગ્રામ.

શુદ્ધ સ્વર:—સા રી ગ મ પ ધ ની સાં રીં ગં

શ્યામ સ્વર:— સા રી ગ મ પ ધ ની સાં

૫. મૂર્છના.

સ્વરગ્રામમાં શ્રુતિઓની ગુણવસ્થિત ગોઠવણ કરેલી છે. એક ગ્રામમાં બાવીસ શ્રુતિઓ છે. આ પુસ્તકના અભ્યાસકોની સગવડ અનુસાર બાર શ્રુતિઓ લેવામાં આવી છે. કોઇ પણ રાગ ગવાતો હોય છે ત્યારે કોઇ એક અનુકુળ સ્વર કે શ્રુતિથી સાત શુદ્ધ સ્વર કે તે સાત સ્વર સુધીમાં આવતી બાર શ્રુતિઓ ઉપર આરોહણ કરી પાછા તેને તેજ સ્વર કે શ્રુતિ સુધી અવરોહણ કરી જવું તેને મૂર્છના કહે છે. જેમકે ગાન્ધાર સપ્તકના શુદ્ધ ગાંધારથી શરૂ કરી તાર સપ્તકના કોમળ ગાંધાર સુધી આરોહણ કરીને ત્યાંથી પાછાવળી શરૂઆતના મધ્યમ સપ્તકના શુદ્ધ ગાંધાર સુધી ઉતરી આવતાં એક મૂર્છના થઇ.

ઉદાહરણ:—

૧. આરોહણ:—ગ, મ, પ, ધ, ની, સાં, રીં.

અવરોહણ:—રીં, સાં, ની, ધ, પ, મ, ગ

૨. આરોહણ:—ગ, મ, મૅ, પ, ધ, ધ, નૈ, ની, સાં, રીં, રીં, ગં

અવરોહણ:—ગં, રીં, રીં, સાં, ની, નૈ, ધ, ધ, પ, મૅ, મ, ગ.

એ પ્રમાણે ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાતે સ્વરો ઉપરથી અથવા તેની શ્રુતિઓ પરથી મૂર્છના કરી શકાય છે. એ રીતે બાર સપ્તકની બેત્રીસ મૂર્છના થાય છે.

૬. તાન.

ગાતી વખતની ઘણાતે સ્વરોને એકજ કંપની સાથે એકની પાછળ ઝડપથી લેવામાં જે ક્રિયા કરવામાં આવે છે તેને તાન કહે છે. આવી તાન ગાયનના રાગમાં ઉત્તમ મીઠાશ ઉત્પન્ન કરે છે. એવી તાન સાત પ્રકારની છે. સપ્તકમાં આવતા સાતે સ્વરો ઉપર નીકળતી તાનને સંપૂર્ણતાન કહે છે. છ સ્વરો ઉપર નીકળતી તાનને પાડવતાન કહે છે, પાંચ સ્વરો ઉપર નીકળતી તાનને ઔડવતાન કહે છે, ચાર સ્વર ઉપર નીકળતી તાનને સ્વરાન્તરે તાન કહે છે, ત્રણ સ્વર ઉપર નીકળતી તાનને સામિકતાન કહે છે, બે સ્વર ઉપર નીકળતી તાનને ગાથિકતાન અને એક સ્વર ઉપર નીકળતી તાનને આર્ચિકતાન કહે છે.

૧. સંપૂર્ણતાન— આ આ આ આ આ આ આ આ
સા રી ગ મ પ ધ ની સાં

૨. પાડવતાન— આ આ આ આ આ આ
સા રી ગ મ પ ધ

૩. ઔડવતાન— આ આ આ આ આ
સા રી ગ મ પ

૪. સ્વરાન્તરતાન— આ આ આ આ
સા રી ગ ગ

૫. સામિકતાન— આ આ આ
સા રી ગ

૬. ગાથિકતાન— આ આ
સા રી

અથવા આ આ અને આર્ચિકતાન— આ અથવા આ આ અથવા
રી સા સા સા

આ આ આ
રી અથવા ધ ની
રી રી

૧. આર્ચિકતાનમાં માત્ર એકજ સ્વર હોવાથી એકજ સ્વર અમુક સંખ્યામાં ગોઠવી શકાય જેમકે, સા સા, સા સા સા સા અથવા રી રી, રી રી રી રી.

૨. ગાથિકતાનમાં બે સ્વર હોવાથી પ્રથમ પહેલો બીજો અને પછી બીજો પહેલો એમ સ્વરો ગોઠવવાથી વધારેમાં વધારે બે તાન થાય છે, જેમકે સારી અથવા રીસા.

૩. સામિકતાનમાં ત્રણ સ્વર આવે છે, તેથી તેને ઉલટા સુલટા ગોઠવતાં નીચે પ્રમાણે છ પ્રકારની તાન થાય છે.

૧. સારીગ ૨. રીસાગ ૩. સાગરી ૪. ગસારી ૫. રીગસા ૬. ગરીસા.

એ પ્રમાણે સ્વરાન્તર તાનમાંથી ૨૪, ઔડવ તાનમાંથી ૧૨૦, ષાડવ તાનમાંથી ૭૨૦ અને સંપૂર્ણ તાનમાંથી ૫૦૪૦ પ્રકારની તાન થાય છે.

એ ઉપરાંત નીચે પ્રમાણે પણ તાનો થઇ શકે છે.:—

૧. સારી, રીગ, ગમ, મપ, પધ, ધની, નીસા.

૨. સારીગ, રીગમ, ગમપ, મપધ, પધની, ધનીસાં.

૩. સારીગમ, રીગમપ, ગમપધ, મપધની, પધનીસાં.

આ પ્રમાણે સ્વરોને આડા અવળા ગોઠવી અનેક તાનો ઉપજાવી શકાય છે.

આવી તાનો સૌ કોઇને બહુજ ગમે છે. પરંતુ એ તાનો તાલની માત્રાની ગણત્રીના પ્રમાણમાંજ કાઢવી જોઇએ. નહિતો ગાયનની મીઠાશ ઉડી જતાં નિરસ બને છે.

૭. સ્વરજાતિ.

રાગ રાગણીઓના બંધારણને માટે જૂદા જૂદા સ્વરોના મિશ્રણથી જૂદી જૂદી અસંખ્ય જાતિઓ થાય છે. એકજ જાતના સ્વરોથી કે જૂદા જૂદા સ્વરોથી જે આકૃતિ બને તેને **સ્વરજાતિ** કહે છે. સાત સ્વરોની સાત શુદ્ધ જાતિઓ બને છે. જેમકે—

સારી, રીગ, ગમ, મપ, પધ, ધની. જેમ જોડા અક્ષર બ્બ બંચાય છે તેમ બંને સ્વરોમાં પ્રથમના સ્વરનો ઉચ્ચાર થતો નથી પરંતુ બોલાતા પહેલાં બીજાની સાથે ભળી જાય છે. ઓ ઉપરથી સાતે સ્વરની નીચે પ્રમાણે સાત જાતિ છે.

૧. **ષાડ્જી**, ૨. **આર્ષભી**, ૩. **ગાંધારી**, ૪. **મધ્યમા**, ૫. **પંચમી**, ૬. **ધૈવતી**, ૭. **નૈષાદી**.

ઉદાહરણ:—નીસા, સારી, રીમ, ગમ, મપ, પધ, ધની, નીસાં.

ધનીસા, નીસારી, સારીગ, રીગમ, ગમપ, મપધ પધની, ધનીસાં.

એ પ્રમાણે અનેક જાતિમા તેનું બંધારણ થઈ શકે છે.

૮. ગમક.

બંને સ્વરની ગાઠને કંપિત કરી ત્વરીતગતીથી લેવામાં આવે તેને ગમક કહે છે એ એક તાનનો સ્વતંત્ર પ્રકાર છે, પરંતુ તાન અને ગમકમાં ફેર છે. તાનમા ગમે તેટલા સ્વરો ગોઠવી શકાય છે. બેથી કેટલાક સ્વરો પડતા પણ મેલી શકાય છે, અને મન્દ સપ્તકના સ્વરોથી તાર સપ્તકના સ્વરો સુધી તાન કાઢી શકાય છે, પરંતુ ગમકમાં તો બબ્બે સ્વરોની જોડી લેવાય છે,

તેથી તેના કંપ બબે સ્વરોમાં બે વખત ગોઠવાએલ હોય છે, જેમકે:—

સાગસાગ, સામસામ, સાપસાપ, અથવા રીમરીમ, ગપગપ, મધમધ.

૯. મીંડ.

એક સ્વરથી બીજા ગમે તે સ્વર સુધી ત્વરાથી જઇ તેની વચ્ચે આવતા સ્વરોને જરા પણ બાધ કર્યા વગર પાછા અસલ સ્વર ઉપર આવવું તે ક્રિયાને **મીંડ** કહે છે. જાતિમા બે અથવા ત્રણ સ્વરથી પોતાનું અંગ બતાવી શકાય છે, અને તે રાગનું એકજ અંગ બતાવી શકે છે. **મીંડમાં** તો **ષડ્જ** સ્વરથી કંપ શરૂ કરી ગાંધાર, મધ્યમ કે પંચમ સુધી જઇ વચ્ચે રહેલી શ્રુતિઓ ન સંભળાય તેવી રીતે સ્પર્શ કરી અસલ સ્વર ઉપર આવી જાય છે, અને તે વખતે પહેલા અને છેલ્લા સ્વર સિવાય બીજા સ્વરો જરા પણ બહાર પડતા સંભળાતા નથી. મીંડ જે સ્વરથી શરૂ કરવામાં આવે તેજ સ્વર ઉપર પાછુ આવવુંજ જોઇએ એમ સમજવાનું નથી. વચ્ચે અનુકુળ સ્વર ઉપર પણ પાછા વળતાં સ્થીર થઇ શકે છે.

ઉદાહરણ:—

૧. સારીગરીસા, ૨. સારીગમરીરીસા, ૩. સારીગમપમગરીસા ૪. સારીગમપમગ.

૧૦. અલંકાર.

સંગીતમાં વપરાતા સા, રી, ગ, મ, પ, ધ, ની, સ્વરોમાંથી બે ત્રણ ચાર કે વધારે સ્વરોના જૂદી જૂદી રીતે આરોહ અવરોહ કરવાની ક્રિયાને **અલંકાર** કહે છે.

ઉદાહરણ—સારી, રીગ, ગમ, મપ, પધ, ધની, નીસાં, અથવા સારીગ, રીગમ, ગમપ, મપધ, પધની, ધનીસાં, અથવા સારીગમ, રીગમપ, ગમપધ, મપધની, પધનીસાં.

આવા અલંકારો અસંખ્ય ઉત્પન્ન કરી શકાય છે. ગાવામાં કંઠની અને બજાવવામાં હાથની યોગ્ય તૈયારી કરવા માટે તેના ખાસ અભ્યાસની જરૂર છે. કારણ કે તે સિવાય તાન, મૂર્છના અથવા વિજેરે રાગના અંગોનો ઉપયોગ કરવામાં સરળતા પડતી નથી.

૧૧. આલાપ.

કોઈ પણ રાગ રાગણી શરૂ કરતાં પહેલાં આરોહ અવરોહમાં તેના વાદી સંવાદી સ્વરોને વિસ્તારે કરી તેમાં આવતા સ્વરોનું મિશ્રણ કરી તેનું સ્પષ્ટ સ્વરૂપ બતાવવામાં આવે તેને આલાપ કહે છે. જેમકે કલ્યાણમાં સા રી ગ મે પ ધ ની સાં એ સ્વરો આવે છે. તેનું સ્વરૂપ બતાવવા માટે ની, રી, ગરી, સા, પ્રમે ગરી, સા એ પ્રમાણે બોલવું અગર બજાવવું, જેથી કલ્યાણ રાગનું સ્પષ્ટ સ્વરૂપ બતાય છે.

૧૨. લય.

૧૩. કાળ જ્ઞાન.

સંગીતશાસ્ત્રમાં કાળ સંગીતનો આધારભૂત છે તેથી સંગીત શાસ્ત્રનું સઘળું બારીકીથી સ્વર અને કાળ ઉપર છે. સંગીતમાં સ્વરની સાથે કાળનું અગાઉ લેખામાં ન આવે તો સ્વરના ધ્વનિના લયનો નાશ થતાં ધ્વનિની મધુરતાનો લોપ થાય છે અને તેથી ગાનારના તથા સાંભળનારના મનમાં બહુ આનંદ અને અસર ઉત્પન્ન થતાં નથી. આપણે કાળના બહુ ઉંડા જ્ઞાનમાં ન ઉતરતાં માત્ર આપણને સાધારણ વપરાશમાં ઉપયોગી એવા ૮ કાળ વિષેની સમજ આપવામાં આવે છે. કાળ એટલે જગતની સાથે જે વર્તન કરે છે તે વર્ણન. આપણે એક દાખલો કરીએ તેનો અવાજ ઉત્પન્ન થવામાં જે વખત લાગે છે તેનાથી પણ તેના અનંતગણા નાના સ્વરૂપો કલ્પતાં કાળ આખરે સૂક્ષ્મ રૂપે અનાદિ અને અનંત જણાય છે. આપણા સામાન્ય જ્ઞાનમાં કાળના નાનામાં નાના સ્વરૂપને આપણે તરીકે લઈએ છીએ, તેનાથી લઘુ સ્વરૂપનું નામ જુદું પણ કેટલાકોના સાંભળવામાં આવ્યું હશે. ઘડીઆળના સેકન્ડનો જે અવાજ થાય છે તેટલા કાળના સ્વરૂપને લઘુ કાળ સમજવો એ રીતે સેકન્ડના આઠમા (૧/૮) ભાગને ત્રુટિ, ચોથા (૧/૪) ભાગને આણુ, બીજા ૧/૨ ભાગને ક્ષુતિ, તેના પોતાના જેટલાજ કાળના સ્વરૂપને લઘુ, તેનાથી બમણા (૨ અણા લાંબા) સ્વરૂપને ગુરૂ, ત્રણગણા (ત્રીગણા) સ્વરૂપને કાકપક્ષ (કી ગુરૂ), આઠગણા સ્વરૂપને હંસપક્ષ અને ૧૬ ગણા સ્વરૂપને મહાહંસપદ. એના સ્વરો કેટલી અક્ષરથી બોલવા કે લંબાવવા તે બતાવનાર આઠ કાળનું જ્ઞાન અને તેને બોળવાનાં ચિન્હ આગળ આપેલાં છે.

સંગીતવિદ્યામાં ગાતા બજાવવામાં અથવા નૃત્ય કરવામાં જે ક્રિયાઓ થાય છે, તેમાં અમુક શબ્દો કે માત્રાઓ ઉપર કેટલું રોકાવું અથવા કેટલું ધીમેથી કે ઝડપથી ગાવું બજાવવું તે જણાવનાર પ્રમાણને કાળ કહેવામાં આવે છે. એવા મુખ્ય ત્રણ કાળ કહ્યા છે. ૧. વિલંબકાળ, ૨. મધ્યમકાળ, અને ૩. દ્રુતકાળ, બીજા બધારે પ્રકાર છે, પરંતુ તેને અહિં આપવાની જરૂર નથી. બહુજ ધીમેથી લંબાવીને ગાવા બજાવવામાં જે વખત લાગે તેને વિલંબકાળ કહેવાય છે, તેને લય અથવા હાલુ પણ કહે છે. બહુ ઉતાવળે નહિ તેમજ બહુજ ધીમેથી નહિ એમ સામાન્ય રીતે ગાવા બજાવવામાં જે વખત લાગે તેને મધ્યમકાળ કહે છે. જલદી અથવા ત્વરાથી ગાવા બજાવવામાં જે વખત લાગે છે તેને દ્રુતકાળ કહે છે, તેને ચલતી પણ કહે છે.

૧૪. માત્રા જ્ઞાન.

૧, ૨, ત્રિગેરે ગણવા. ક, ખ, ત્રિગેરે લખવું—અક્ષરોનો ઉચ્ચાર કરવામાં અથવા કોઇ જે વસ્તુ બડે સરખે અંતરે કૂટ કે કટ જોવા અવાજ કરવામાં જે વખત લાગે છે તેને સંગીત શાસ્ત્રમાં માત્રા કહેવામાં આવે છે. ના, રી, ગ, મ, પ, ધ, ની, જે સ્વરોનો ઉચ્ચાર કરતાં ચાર માત્રા થઇ. આ માત્રાનું પ્રમાણ પણ કાળના પ્રમાણની માફક સેકન્ડના અવાજને ગણ્ય સ્થાન આપીએ તો સમજવું સરળ થઇ પડશે સેકન્ડનો પોતાનો અવાજ જે એક માત્રા થઇ, અને તેને લઘુ માત્રા કહે છે. એ પ્રમાણે લઘુ એટલે એક માત્રા (એક સેકન્ડ જેટલી માત્રા), ગુરૂ એટલે બે માત્રા (બે સેકન્ડ જેટલી લાંબી માત્રા), પ્લુતે એટલે ત્રણ

માત્રા, હંસપદ એટલે ૮ માત્રા, મહાહંસપદ એટલે સો માત્રા, દ્રુત એટલે અર્ધી માત્રા, અણું એટલે પા માત્રા, અને ત્રુટિ એટલે એક અષ્ટાંઉશ માત્રા.

૬૫. તાલ જ્ઞાન.

તાલનો મુખ્ય અર્થ એ છે કે બે હાથ વતી તાળી મારવાથી થતો અવાજ. સંગીતવિદ્યામાં માત્રાઓની ગણત્રીમાં અથવા સંખ્યામાં મુકરર કરેલા કાળને (વખતને) અંતરે બે હાથ વતી તાળી બજાવવી, અથવા બીજી કોઈ વસ્તુઓ વડે ટકોરા વગાડવા તેને તાલ કહે છે. એ પ્રમાણે બે માત્રાઓના કાળને અંતરે અથવા ચાર માત્રાઓના કાળને અંતરે તાળીઓ મારવી એમ જૂદી જૂદી માત્રાની સંખ્યાના કાળને અંતરે નિયમિત બંધારણમાં તાલ આપવાનો નિયમ હોય છે. જેવું સ્વાદ વગરનું ભોજન લાગે તેવું તાલ વગરનું ગાવું બજાવવું લાગે છે એટલે કે સંગીત વિદ્યામાં તાલ ઉપર ખાસ આધાર છે. તાલ વગર સંગીત અમધુર અને અપ્રિય લાગે છે જેમ પ્રાણાયામમાં નિયમિત ગણત્રીથી શ્વાસને ખેંચવો, રોકવો અને બહાર કાઢવો વિગેરે ક્રિયાની ગણત્રીમાં ફેર પડતાં તેનું ઇષ્ટ ફળ મળતું નથી અને એથી ઉલટું તંદુરસ્તીને નુકશાન કરે છે, તેમજ ગાવામાં પણ શ્વાસને ખેંચવા, રોકવા અને મેલવાનું મુખ્ય કાર્ય હોવાથી તેને માત્રાની ગણત્રીમાં અને તાલમાં ગાવામાં ન આવે તો જરૂર તંદુરસ્તીને પણ નુકશાન કરે છે, પરંતુ નિયમિત માત્રા મેળ અને તાલથી ગાવામાં આવે તો તે ઔષધિનો ગુણ ધારણ કરે છે, અને શરીરના રોગોનો નાશ કરે છે, ઉપરાંત દીર્ઘાયુ બક્ષે છે

૧૬. થાટ.

સંગીતમાં આવતા શુદ્ધ, કોમળ, તીવ્ર વિગેરે બાર સ્વરોમાંના કોઈ પણ સાત સ્વરના સમૂહના આરોહણ અવરોહણ કરવાથી તેમાં રાગ હોવાનું જણાય છે, તેથી તેવા સ્વર સમૂહને થાટ અથવા મેળ કહે છે. એવા થાટ ઉત્પન્ન કરવા માટે નીચે પ્રમાણે સ્વર સમૂહની રચના કરવામાં આવેલી છે :–

સપ્તકના શુદ્ધ, કોમળ, અને તીવ્ર મળી જે બાર સ્વરો છે તેના બે સમૂહ થાય છે.

બાર સ્વરો–સા રી રી ગ ગ મ મૅ પ ધ ધ ની ની સાં.

૧ લો સમૂહ–સા રી રી ગ ગ મ મૅ, જેને પૂર્વાંગ કહે છે.

૨ જો સમૂહ–પ ધ ધ ની ની સાં, જેને ઉત્તરાંગ કહે છે.

પૂર્વાંગમાંથી નીચે પ્રમાણે આઠ સમૂહ થઇ શકે છે.

૧. સા રી ગ મ	૫. સા રી ગ મૅ.
૨. સા રી ગ મ	૬. સા રી ગ મૅ.
૩. સા રી ગ મ	૭. સા રી ગ મૅ.
૪. સા રી ગ મ	૮. સા રી ગ મૅ.

ઉત્તરાંગમાંથી નીચે પ્રમાણે ચાર સમૂહો થઇ શકે છે.

૧. પ ધ ની સાં	૩. પ ધ ની સાં.
૨. પ ધ ની સાં	૪. પ ધ ની સાં.

ઉપર જે પૂર્વાંગ અને ઉત્તરાંગના સ્વરસમૂહની રચના કરવામાં આવેલ છે તેમાંથી જુદી જુદી રીતે બત્રીસ થાટ ઉત્પન્ન

કરી શકાય છે, પરંતુ તેમાંના - માત્ર બાર થાટ પ્રચલિત છે. કારણકે તે તુરત ઓળખી શકાય છે. વળી તેમાં વિશેષ મધુરતા રહેલી છે તેથી આપણા શિક્ષણને અનુકૂળ પડે તેવા છે, તે નીચે પ્રમાણે છે :-

સ્વર સ્થાન.	વિકૃત સ્વર.	થાટ.
૧. સા રી ગ મ પ ધ ની સાં	—	અંકારાભરણ.
૨. સા રી ગ મૅ પ ધ ની સાં	મૅ	કલ્યાણ.
૩. સા રી ગ મ પ ધ નૌ સાં	નૌ	ભમાચ.
૪. સા રી ગ મૅ પ ધ નૌ સાં	ગ મૅ	મહારવા.
૫. સા રી ગ મ પ ધ નૌ સાં	રી ધ	ભૈરવી.
૬. સા રી ગ મ પ ધ ની સાં	ગ ધ	પીલુ.
૭. સા રી ગ મ પ ધ નૌ સાં	ગ નૌ	કાફી.
૮. સા રી ગ મૅ પ ધ ની સાં	રી મૅ ધ	પૂર્વી.
૯. સા રી ગ મ પ ધ નૌ સાં	ગ ધ નૌ	આશાવરી.
૧૦. સા રી ગ મૅ પ ધ નૌ સાં	ગ મૅ ધ નૌ	કહાનગ.
૧૧. સા રી ગ મૅ પ ધ ની સાં	રી ગ મૅ ધ	ટોડી.
૧૨. સા રી ગ મ પ ધ નૌ સાં	રી ગ ધ ની	ભૈરવી.

૧૭ રાગ.

સંગીતના જે સ્વરસમૂહો સંગીતશાસ્ત્રના નિયમો પ્રમાણે ધ્વનીની ઉત્પત્તિ કરી શ્રોતાના મનને રંજન કરે છે તેને રાગ કહે છે. રાગના બાર વર્ગ કરવામાં આવેલા છે, જેને જાતિ કહે છે. રાગના સ્વરસમૂહોમાં આવતા સ્વરોની સંખ્યાના પ્રમાણમાં તેના બાર વર્ગ છે, તેનાં નામ. ૧. સંપૂર્ણજાતિ, ૨ પાડવજાતિ,

૩. ઔડવજાતિ, અને ૪. સંકીર્ણજાતિ. જે રાગના આરોહ અવરોહમાં અનુક્રમે સાત સ્વર આવતા હોય છે તેવા રાગને સંપૂર્ણજાતિના રાગ કહે છે, જે રાગના આરોહ અવરોહમાં અનુક્રમે છ સ્વર આવતા હોય છે તેને ષાડવજાતિના રાગ કહે છે અને જે રાગના આરોહ અવરોહમાં પાંચ સ્વર આવતા હોય છે તેને ઔડવજાતિના રાગ કહે છે. બે જાતિના મિશ્રણથી ષાડવસંપૂર્ણ અને ઔડવસંપૂર્ણ અને એક બીજા રાગોના સ્વરો એક થઇ મિશ્રણ થવાથી સંકીર્ણજાતિ, એવા બીજા પણ પ્રકાર પડે છે.

રાગનાં અંગ—

રાગ અને રાગણીઓનાં અંગ સ્વરથી બંધાએલાં છે. રાગનાં દશ અંગ બતાવામાં આવેલ છે, જેમાંના આપણી શક્તિ પ્રમાણે જોઇએ શકાય તેવાં છ અંગ અહિં આપેલાં છે.

૧. ગ્રહસ્વર, ૨. વાદિસ્વર, ૩. સંવાદિસ્વર, ૪. અંશ-સ્વર, ૫. ન્યાસસ્વર, ૬. વિન્યાસસ્વર.

૧. ગ્રહસ્વર—ગાતાં જે સ્વર પ્રથમ આવે છે, તેને ગ્રહ-સ્વર કહે છે. આ લગભગ હંમેશાં ગ્રહસ્વર થઇ શકે છે. ગાય-નનું પહેલું અંગ ગ્રહણ કરનાર ગ્રહસ્વર કહેવાય છે. ભૈરવ રાગમાં ૫, ધ, અથવા ગ, ભાલકૌંશમાં મ, હિંડોળમાં ગ અથવા ની, એમ ગ્રહસ્વરો થઇ શકે છે.

૨. વાદિસ્વર—જ્યારે કોઇ પણ રાગ રાગણીમાં જે સ્વર ઉપર બહુ આવે છે, અને તેથી તે રાગનું સ્વરૂપ બરાબર જાણી

શકાય છે તે સ્વરને વાદિસ્વર કહે છે. એ સ્વરનો ઉપયોગ રાગમાં વિશેષ કરવામાં આવે છે. જેમકે રાગમાં કોમળ રી, માલ કૌંસમાં કોમળ ગ, મેઘરાગમાં શુદ્ધ રી અને હિંડોલ રાગમાં શુદ્ધ ગ વાદિસ્વર થઈ શકે છે.

૩. સંવાદિસ્વર—જે સ્વર વાદિસ્વરથી બીજે નંબરે ઉપયોગી હોઈ રાગનું સ્વરૂપ પૂર્ણ બતાવવામાં વાદિસ્વરને મદદ કરે છે, તેને સંવાદિસ્વર કહે છે. આ સંવાદિસ્વર હમેશાં વાદિસ્વર પછીની તેરમી શ્રુતિએ રહેલો હોય છે, જેથી ષડ્જથી તેરમી શ્રુતિએ પંચમ આવે છે. એટલે જો વાદિસ્વર ષડ્જ હોય તો તેનો સંવાદિસ્વર પંચમ થઈ શકે છે. એવીજ રીતે કોઈ પણ વાદિસ્વરથી તેરમી શ્રુતિએ આવતો સ્વર તેનો સંવાદિસ્વર થઈ શકે છે. કેટલીક વાર તેરમી શ્રુતિએ આવતો સ્વર રાગમાં વર્જ્ય હોય એટલેકે તે સ્વર આવતો ન હોય તો તેરમીને બદલે નવમી શ્રુતિ ઉપર આવતો સ્વર સંવાદિ બની શકે છે. જેમકે ષડ્જ વાદિસ્વર હોય અને રાગમાં પંચમ વર્જ્ય હોય તો તેનો સંવાદિસ્વર મધ્યમ થઈ શકે છે. એકજ રાગમાંથી મધ્યમ અને પંચમ બન્ને જોડી સાથે વિવર્જ્ય થઈ શકતા નથી. એ ઉપરથી સાત વાદિસ્વરોના સંવાદિસ્વરો નીચે પ્રમાણે છે:—

વાદિસ્વર.	સંવાદિસ્વર.		
૧. પડ્જ.	પંચમ. અને તે વર્જ્ય હોય તો		મધ્યમ.
૨. ઋષભ.	ધૈવત.	,,	પંચમ.
૩. ગાંધાર.	નિષાદ.	,,	ધૈવત.
૪. મધ્યમ.	પડ્જ.	,,	નિષાદ.
૫. પંચમ.	ઋષભ	,,	પડ્જ.
૬. ધૈવત.	ગાંધાર	,,	ઋષભ.
૭. નિષાદ.	મધ્યમ.	,,	ગાંધાર.

૪. **અંશસ્વર**—વાદિ સંવાદિ સ્વરોની સાથે જે સ્વરો અર્ધા રહી જોડાઇ જઇ રાગના જૂદા જૂદા ભાગ બતાવે તેને અંશસ્વર કહે છે. ગમ્ગ્માં મ અંશસ્વર છે. ધ્ની માં ધ અંશસ્વર છે.

૫. **ન્યાસસ્વર**—ગાયનને છેડે આવતો સ્વરને ન્યાસસ્વર કહે છે. ગાયનના સમ ઉપર જે સ્વર આવે તે ન્યાસસ્વર ગણાય છે. ભૈરવ રાગમાં ધ અને માલકોશ રાગમાં મ ન્યાસસ્વરો છે.

૬. **વિન્યાસસ્વર**—રાગમાં જે સ્વર વધારેમાં વધારે ઉંચો બોલાય છે તેને વિન્યાસ સ્વર કહે છે. ભૈરવ રાગમાં તાર સપ્તકનો રીં અને શ્રી રાગમાં ગં વિન્યાસ સ્વરો છે.

એ ઉપરાંત અનુવાદિ અને વિવાદિ એવા બીજા બે સ્વરો છે.

અનુવાદિસ્વર—જે સ્વરો વાદિ સંવાદિ હોય છે તેનાથી રાગમાં રહેલી અપૂર્ણતા દૂર કરે છે તેને અનુવાદિસ્વર કહે છે. તે વાદિસ્વરની આજુબાજુમાં હોય છે, અને તે રાગમાં મધુરતા લાવે છે.

વિવાદિસ્વર—ચાલતા રાગમાં જે સ્વર રાગના સ્વરૂપને પકડી નાખી બીજા રાગનું સ્વરૂપ બતાવે અથવા રાગનો શબ્દાંતર નાશ કરે તેવા સ્વરોને વિવાદિસ્વર કહે છે.

લાગે અને ડાટ સ્વર.

ગાયન ચાલતું હોય તે વખતે ગાનાર કોઈ સપ્તકના સ્વર ઉપરથી ઉપરના બીજા સપ્તકના તેજ સ્વરને પકડે છે, કોઇકે કે અધ્યમસપ્તકના ગાંધાર (ગ) ઉપરથી તારસપ્તકના ગાંધાર (ગ) અથવા ઋષભ (રી) ઉપર બીજા સ્વરોને સ્પર્શ કર્યા વગર જઇ તે સ્વરને જમાવી પાછો મૂળ સ્વર ઉપર આવે છે તેવે વખતે જે સ્વર પ્રથમ જમાવે છે તે સ્વરને લાગેસ્વર કહે છે અને ઉંચા સપ્તકના જે સ્વરને પકડે છે તે સ્વરને ડાટસ્વર કહે છે. એ રીતે સ્વર જમાવ્યા પછી બીજા સ્વરને પકડવાથી ગાનારનાં સ્વરજ્ઞાન અને રાગજ્ઞાન દીપી નીકળે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સ્વર, શ્રુતિ, અલંકાર, વાદિ, સંવાદિ, તાલ, માત્રા, લય વિગેરે બાબતો જ્યારે એકઠી કરવામાં આવે ત્યારે તેમાંથી જુદા જુદા રાગ બનેલા છે.

એ પ્રમાણે જે રાગ ઉત્પન્ન થયા છે તેમાંના ભૈરવ, માલકોષ, હિંડોલ, દીપક, શ્રી અને મેઘ એ છ મુખ્ય રાગને

પુરૂષ પ્રકૃતિના ગણ્યા છે, અને તેને મળતા આવતા અર્થાત તેમાંથીજ ઉત્પન્ન થયેલા રાગોમાંથી દરેકમાં પાંચ પાંચ રાગણીઓ તેમની ભાર્યાઓ રૂપે ગણવામાં આવી છે. વળી તેજ પ્રમાણે તે સ્ત્રીઓને પાંચ પાંચ પુત્રો રૂપે રાગોની ગોઠવણ કરેલી છે. તદુપરાંત દરેક પુત્રની પાંચ પાંચ સ્ત્રીઓ રૂપે અન્ય રાગોની રચના કરેલી છે. આમ વધારેને વધારે ઉંડા જ્ઞાનમાં ઉતરીએ તો સંગીતશાસ્ત્ર એક વિશ્વ જેવડું થઇ પડે તેમ છે, તેથી તેવી ભવાટવીમાં પડવાનું આપણું ગજું નથી. તેથી આપણા લાયક અને જરૂરજોગું જ્ઞાન આ પુસ્તકમાં દાખલ કર્યું છે. કેટલાકને પ્રેકટીકલ જ્ઞાનમાં ઉતરવું ગમતું નથી, કારણકે તેમાં મહેનત છે, પરંતુ જાણવાની ઇચ્છા ઘણાને થાય છે તેથીજ યત્કિંચિત સમજુતી અહિં આપવાનો પ્રયાસ કર્યો છે. રાગ, તેની સ્ત્રીઓરૂપે રાગણીઓ, તેના પુત્રો, તેની ભાર્યાઓ વિગેરેનો ઉંડો અભ્યાસ કરવાથી એ વિષયના જૂદા જૂદા આચાર્યોએ લખેલા જૂદા જૂદા ગ્રંથો તપાસતાં ઘણા મતફેર જોવામાં આવે છે, માટે આ પુસ્તકના અભ્યાસીઓને એ વમળમાં ન નાખતાં માત્ર પ્રચલિત રાગ-રાગણીઓ અને તેમાં આવતા સ્વરસમૂહો તેમના વાદિસંવાદી સ્વરોની સાથે નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. તેથી સંગીત જ્ઞાનના અભિલાષીને મદદરૂપ થઈ પડશે. જો કે તે આપેલા રાગ-રાગણીના આરોહ અવરોહમાં આવતા સ્વરો અને વાદિસંવાદિ સ્વરો માટે જૂદા જૂદા આચાર્યોના જૂદા જૂદા મત જોવામાં આવે છે, તેમાંથી બની શકે તેટલું એકીકરણ કરીને જે અહિં આપેલ છે, તેમાંથી વિગત સત્ય લાગે તે ગ્રહણ કરી અતિક્રમને અંતે તે એકઠી કરનારને કૃતાર્થ કરશો એવી આશા છે.

રાગના નામ	જાતિ	આરોહ અવરોહના સ્વરો	વાદિસ્વર	સંવાદિસ્વર
ભૈરવ*	સંપુર્ણ	સા રી ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ	રી
કાલિંગડો*	,,	સા રી ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ	ગ
ભૈરવી	,,	સા રી ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	મ અથવા ધ	સા ગ
કાફી	,,	સા રી ગ² મ પ ધ ની² સાં સાં ની ધ પ મ ગ રી સા	પ	સા
પીલુ	,,	સા રી² ગ² મ પ ધ² ની² સાં સાં ની ધ પ મ ગ રી સા	ગ	ની
પૂર્વી	,,	સા રી ગ મૅ² પ ધ ની સાં સાં ની ધ પ મૅ ગ રી સા	ગ	ની
જીલ્લા	,,	સા રી ગ² મ પ ધ ની² સાં સાં ની ધ પ મ ગ રી સા	રી	પ
ટોડી	,,	સા રી ગ મૅ પ ધ ની સાં સાં ની ધ પ મૅ ગ રી સા	ધ	ગ
ઝીંઝોટી	,,	સા રી ગ મ પ ધ ની² સાં સાં ની ધ પ મ ગ રી સા	ગ	ધ

* કેટલાક રાગોના આરોહ અવરોહમાં સ્વરો એકસરખા જોવામાં આવશે, પરંતુ તેના વાદિસંવાદિ વિગેરે સ્વરો જુદા હોવાથી તે ઓળખવામાં હરકત આવતી નથી ૨ [illegible]

કલ્યાણ	સંપૂર્ણ	સા રી ગ મૅ પ ધ ની સાં સાં ની ધ પ મૅ ગ રી સા	સા મૅ:
શંકરાભરણ	,,	સા રી ગ મ પ ધ ની સા સાં ની ધ પ મ ગ રી સા	સા પ
રામગરી	,,	સા રી ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ ગ
સિંધભૈરવી	,,	સા રી ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	મ ની
ગૌમનકલ્યાણ	,,	સા રી ગ મૅ પ ધ ની સાં સાં ની ધ પ મૅ ગ રી સા	ગ ની
શંકરા	પાડવ	સા રી ગ ૦ પ ધ ની સાં સાં ની ધ પ ૦ ગ રી સા	સા પ
કૌશિક કાનડો	,,	સા રી ગ મ ૦ ધ ની સાં સાં ની ધ ૦ મ ગ રી સા	મ સા
મધ્યવતી	,,	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ ૦ મ ગ રી સા	રી ધ
લલિત	,,	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ ૦ મૅ ગ રી સા	મ સા
રાજીણી	,,	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ ૦ મૅ ગ રી સા	ગ ધ
ધુરિયા	,,	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ ૦ મૅ ગ રી સા	ગ ની

હિંડોલ	ઔડવ	સા રી ગ ૦ પ ધ ૦ સાં સાં ૦ ધ પ ૦ ગ રી સા	... ધ	રી
હિંડોલ	,,	સા ૦ ગ મ ૦ ધ ની સાં સાં નીધ ૦ મ ગ ૦ સા	ધ	મ
માલકોષ	,,	સા ૦ ગ મ ૦ ધ ની સાં સાં નીધ ૦ મ ગ ૦ સા	મ	સા
સારંગ	,,	સા રી ૦ મ પ ૦ ની સાં સા ની ૦ પ મ ૦ રી સા	રી	પ
ભૂપકલ્યાણ	,,	સા રી ગ ૦ પ ધ ૦ સાં સાં ૦ ધ પ ૦ ગ રી સા	ગ	ધ
દુર્ગા	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં નીધ ૦ મ ગ ૦ સા	ગ	ની
તિલંગ	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં નો ૦ પ મ ગ ૦ સા	ગ	ની
ધાનો	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં નો ૦ પ મ ગ ૦ સા	ગ	ની
માલશ્રી	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં નો ૦ પ મ ગ ૦ સા	રી	ધ
દેશકાર	,,	સા રી ગ ૦ પ ધ ૦ સાં સાં ૦ ધ પ ૦ ગ રી સા	રી	ધ
ભૂપકલ્યાણ	,,	સા રી ગ ૦ પ ધ ૦ સાં સાં ૦ ધ પ ૦ ગ રી સા	ગ	ધ

ખમાજ	પાડવ સંપૂર્ણ	સા ૦ ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ગ, ની
જોનપુરી	"	સા રી ૦ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ, ગ
માઢ	"	સા ૦ ગ મ પ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ની ગ
વસંત	"	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ પ મૅ ગ રી સા	ગ ધ
કામોદ	"	સા રી ગ મ પ ધ ૦ સાં સાં ની ધ પ મ ગ રી સા	પ રી
પરજ	"	સા રી ગ મૅ ૦ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	સા પ
હમીર	"	સા રી ગ મ ૦ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ ગ
સોરઠ	ઔડવ સંપૂર્ણ	સા રી ૦ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	રી પ
દેશ	"	સા રી ૦ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	રી ધ
આશાવરી	"	સા રી ૦ મ પ ધ ૦ સાં સાં ની ધ પ મ ગ રી સા	ધ ગ
વાગેશ્વરી	"	સા ૦ ગ મ ૦ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	મ સા

ભીમપલાસી	ઔડવ સા ૦ ગ મ પ ૦ ની સાં સંપૂર્ણ સાં ની ધ પ મ ગ રી સા		મ સ
બિહાગ	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ગ ની
બિલાવલ	,,	સા રી ગ ૦ પ ધ ૦ સા સાં ની ધ પ મ ગ રી સા	સા ધ
કેદાર	,,	સા રી ૦ મ પ ધ ૦ સાં સાં ની ધ પ મ ગ રી સા	મ સા
બહાર	,,	સા ૦ ગ મ ૦ ધ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	ની મ
મુલતાની	,,	સા ૦ ગ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	પ સાં
સિંધુડો	,,	સા રી ૦ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	સા પ
સિંધની	,,	સા રી ૦ મ પ ધ ૦ સાં સાં ની ધ પ મ ગ રી સા	સા પ
શ્રીરાગ	,,	સા રી ૦ મ પ ૦ ની સાં સાં ની ધ પ મ ગ રી સા	રી ધ
છાયાનટ	સંપૂર્ણ (મિશ્ર)	સા રી ગ મ પ ધ ની સાં સાંનીધપ, મપધપ, ગમરીસા	પ રી
દરબારીકાનડો		સા રી ગ મ પ ૦ ની સાં સાંની	રી પ

જયજયવંતી	,,	સા રી ૦ મ પ ૦ ની સાં સાંની ધ નો પમ રીગસારી	રી ધ
પહાડી	,,	સા રી મ ૦ પ ધ ૦ સાં સાંનીધપ૦ગરીસાનીધપધસા	ધ રી
તિલકકામોદ	,,	સા રી ૦ મ પ ૦ ની સાં સાંની ધ પ મ ગ ૦ સા	રી પ
અડાણા	,,	સા રી ગ મ પ ૦ ની સાં સાંની૦પ મ પ ૦ગરીસા	સા પ

ઉપર જણાવેલ કેટલાક રાગના આરોહ અવરોહ સ્વર જોવાથી કે વગાડી જવાથી રાગનું પુરેપુરૂં સ્વરૂપ પ્રકાશી શકાતું નથી. તેથી તેનાં ન્યાસ અંગ જણાવનારાં સ્વરોની લકરચના કરી આરોહ અવરોહ કરવાથી રાગ ઓળખાય છે.

૧. ગંભીર કલ્યાણ—મેં પ ગ મ ધ-ની સાં—ન્યાસ અંગ.

